તેજગઢની વાટે

કાનજી પટેલ

Tejgadhni Vaate
by Kanji Patel

© પૂર્વ પ્રકાશ
પ્રથમ આવૃત્તિઃ ૨૦૧૨

પ્રકાશક

PURVA PRAKASH

પૂર્વ પ્રકાશ
૧૯ બી શ્રીનગર સોસાયટી, એફ રોડ, દિનેશ મિલની પાછળ
વડોદરા ૩૯૦ ૦૨૦
ફોન નં. : ૦૨૬૫ ૨૩૫૩૩૪૭, ૨૩૩૧૯૬૮
ઈમેલ : purvaprakash.publication@gmail.com

અક્ષરાંકન
નિરજ કેંગે

મુખપૃષ્ઠ ચિત્ર
ભાષા કેન્દ્ર ચિત્ર સંગ્રહ

મુખપૃષ્ઠ અને મુદ્રણ સજ્જા
અંશુલ અગ્રવાલ

મુદ્રણ
શિવમ ઑફસેટ, વડોદરા

અગાઉની વાત

અગાઉનું ગામડું જોયું હતું. એનું બધું તત્વ, રૂપ નસોમાં ઉતરેલું હતું. ખુદ જીવતાં જીવતાં સાક્ષી થઈને છેટે જઈને કહેવાનું થશે એવું લાગ્યું ન હતું. ગીતો, વારતાઓ, છાપરાં, ખેતરો, ડુંગરા, તળાવ, વૃક્ષો ને ખુલ્લાં મેદાન, આકાશ એમાં લગભગ એક ખેડૂત જેવું, ભણતાં ભણતાં બે ધારું જીવન યુવાની સુધી ચાલતું હતું. ત્યાં ગામડાના શબ્દને કાગળ પર ઊતારવાનું આરંભ્યું. એના પાયામાં ગામડાં, ડુંગરોમાં જીવાતા જીવનનું, ચિત્તની ભાષા એ ન દાખવ્યું હોય એવું બળ હતું. રોજ રોજ એ અવકાશ દેખાય. એ જ ખરું છે, એમાં શાંતિ, સંતોષ ને કુદરત સાથે સંતુલન દેખાય. માતૃભાષા અને પંચમહાલના તળની, ભીલી રંગની ભાષાનો એક એક શબ્દ ઉચ્ચારતાં આખો પંથક તળિયે દેખાય. મન લોકધર્મી જ હતું ને છે.

ગામમાં બેઠકો થાય. સવાલો, ઝઘડાનો એવી એવી દિશામાં ઉકેલ થાય. એ બધું શહેરી સુધરેલી કહેવાતી દુનિયાના ઉકેલો સાથે સરખાવતું જાય. વળી વળીને મન કહે – તું ગામડાની જ વાત કર. એને જ સમજ એટલે સાહિત્ય એ મુલક, ભાષા, રંગ, લયમાં કરતો ગયો. દસવીસ વરસમાં એનો તાગ આવે ખરો ?

હજુ ક્ષિતિજ, સામેનો ડુંગરો, ત્યાંની ભાષા, જીવન, રહેણી કરણી

Bhasha

એ બધાં લખાણોમાં વગર લખાયે પણ ડોકાયેલાં રહેતાં. થોડું ઉકલ્યું, ઝાઝું પણ ઉકલ્યું સતત રહેવું. જીવતર આગળ ચાલતું રહ્યું. દેશની, આંતરદેશીય મુખ્ય ધારાની ભાષા, સાહિત્યનો પરિચય થયો પણ મારા ગામની આસપાસ રહેનાર બારિયા, વિ. નાં ગામોનાં લોકો હોળી, દિવાળી, મેળે, બેઠકે ગામે આવે, અમારું ગામ ત્યાં જાય એ બધી વેળા એમનાં શરીર, બોલી, હાવભાવ સઘન રીતે જોયાં કરું. એ કહેતા નઅમે, આપણ ભીલ છીએ. આ જમીં તો આપડી કે? થ એ શબ્દોનો અર્થ કિશોરાવસ્થામાં નહોતો સમજ્યો પણ વાંચન પછી સમજાયું કે એ આ જંગલના વાસી અને અમારા ગામનાં બીજેથી આવી વસેલાં. આ તળ નીચેનો પ્રવાહ હતો. ઉપર ઉપર તો આપણે, આવનજાવન સંબંધની લીલા ચાલે. અંદરખાને પટેલ અને બારિયા, ખાંટ, પટેલિયાને સામસામાપણાનો સંબંધ.

આવો સંબંધ દેશની કથિત મુખ્યધારા અને આદિવાસી સમુદાયો વચ્ચે હજારો વર્ષોથી રહ્યો છે. મેળ, તાણ બધું જ એ સંબંધોમાં હાજર છે. ચૂંટણીઓમાં પટેલ જ્યાં મત આપે તેથી વિરૂદ્ધમાં મત બારિયા આપે. બારિયાએ અમુકને મત આપ્યો કે આપવાના એવું પટેલો જાણે કે એથી ઉલટો મત નાખે. બારિયા ખાંટ પટેલિયા, દારૂનાં માટલાં ઉકાળે, લીલા લહેર કરે. ખેતી જોઈતી કરી લે. ઉઘાડા ડિલે ફરે પણ કોઈની સાડાબારી નહિ. પટેલને ત્યાં ભાગિયા હાળી તરીકે રહે પણ ચોપડાવે રોકડું.

આવા એક ભાગિયા હાળી અને પટેલ હિરવી (માલિક)ની પત્નીને પ્રેમ થયો અને એ ડુંગરોમાં ચાલી, ઊતરી પડ્યાં દૂર. આ વાર્તાને વખાણનારા ને વખોડનારા પટેલોમાંથી નિકળ્યા. એમાં કાલની ચિંતા નહિ, આજની ઘડીમાં જીવનાર નાયક ગાવામાં, નાચવામાં

Bhasha

વગાડવામાં માહિર.

આ પછી બીજું-લઘુનવલ, કવિતા, વાર્તા કરતાં ગામડું, આદિવાસી જીવન, ત્યાંના ભાષા સાથે વિવિધ સ્તરીય મુકાબલો કરતાં લખાતું ગયું. દરમ્યાન નવનિર્માણ, અનામત વિરોધી આંદોલન, હિન્દુ જુવાળની પ્રવૃત્તિઓ. તેની ભાષા, રાજનીતિ બહુ નજીકથી, રસથી જોતો રહ્યો. ગદ્યપર્વ, વહીનું સંપાદન કરતાં આદિવાસી જીવન, મૌખિક પરંપરાનાં અનેક પાસાં જોતો ગયો.

આ જ અરસામાં ૧૯૯૫માં આદિવાસી કલ્પના વિશે વડોદરામાં ગણેશ દેવીએ પરિસંવાદ યોજ્યો. એ પૂર્વે ૧૯૯૩માં પીઠોરાનું ગાણું અંકિત કરી ગદ્યપર્વમાં પ્રગટ કરેલું. એ વિશે ગુજરાતી સાહિત્યજગતમાં સ્વીકાર અને વિરોધ બેઉ જાગેલાં. વિરોધી કહે - આદિવાસીની ભાષા અમારી ગુજરાતી નથી, અમારે ગુજરાતીમાં લેખન જોઈએ. શું આ સમુદાયો ગુજરાતના નથી ? શું એમની પરંપરાના સાહિત્યને ઓળખવાનું કામ આપણું નથી ?

દેશીવાદના વિચારો, સાહિત્યીક સામયિકોમાં ચર્ચાતા હતા. પઆફ્ટર અમ્નેઝીયાથમાં ગણેશ દેવીએ દેશના ઘણા પ્રદેશો - ગુજરાત સમેત-ની ભાષા, સાહિત્ય, વિવેચન અને બંધારણની બહાર રહેલી ભાષાઓ, આદિવાસી વિચરતી જનજાતિઓની ચર્ચા આરંભેલી.

અનેક પરિસંવાદો, કાર્યશાળાઓ, સભાઓ, કળા, સાહિત્ય વિષયે, વિવેચન, આદિવાસી જીવન બાબતે યોજાતી ગઈ. એમાં ખૂટતા અંકોડા પૂરાતા ગયા. ૧૯૯૬માં માર્ચમાં સાપુતારાની પ્રથમ વિચારસભાથી આજ સુધી થયેલી લગભગ બધી જગા એ ઘણાને સાંભળ્યા, બાલપણના, ઘડતર કાળના અનેક ન સમજાયેલા ભાગો

Bhasha

સમજાતા ગયા.

ભાષા કેન્દ્ર, આદિવાસી અકાદમીની ભાષા, સંસ્કૃતિલક્ષી કાર્યપ્રવૃત્તિમાં આદિવાસી, વંચિત, દલિત સહુને માટે અવકાશ છે. માનવ, કેળવણી, પ્રકૃતિ, સુશાસન વ્યવસ્થા, સંસ્કૃતિ, આધુનિકતા આ બધાં વિશે કોઈ ભેદ વગર ખુલ્લા મને ચાલતા ચર્ચા અને કાર્યથી સહુ કોઈને પરિતોષ થાય છે.

માણસે રચેલાં શાસ્ત્રો, કરેલી ક્રાંતિઓ, વિકસાવેલી અર્થ પ્રણાલિઓ, જીવન પ્રણાલિઓ, કરેલાં કળા અને સાહિત્ય, વિકસાવેલાં વિજ્ઞાન આ સહુને સમજી, પરિપ્રેક્ષ્યમાં જોઈ એકલા માણસના જ નહિ પણ બોલતા અબોલતા સહુ જીવો અને પ્રકૃતિના પ્રગતિમય સહઅસ્તિત્વ માટે વિચાર અને આચાર ની અહીં કલ્પના છે. એ માટે ખુલેલી ભૂમિ અને ઉઘડેલા આકાશમાં સહુ કોઈ છે. અંદર બહારનું ચૈતન્ય એક છે.

બાબાની વાત

સન ૧૯૯૩માં એક રાઠવા કુટુંબમાં રાતે પીઠોરાનું ગાયણું સાંભળવા, સમજવા, ઉતારવા હું ગયો હતો. ઘરની અંદરની પરસાળની દિવાલો ઘોડા, ઊંટ, હાથી, વાઘ, ખેતર, કૂવો, સાપ, વીંછી, વાંદરો દશ માથાળો, નિસરણી, હોકો, પોપટથી ચિતરાઈને ભરીભરી કરી દેવાઈ હતી. લખારો ચાર પાંચ દિવસ સુધી આખો દિવસ એને ચિતરીને લખીને પુરું કરી ગયો હતો. દિવાલના થડમાં મકાઈની ઢગલીઓ પર કોડિયામાં તેલ ભરી દસીઓ કરી દીવા સળગાવ્યા હતા. ખાઈ પીને બડવાએ પીઠોરાનું ગાંયણું શરૂ કર્યું.

એક અદ્‌ભુત, રોમાંચપૂર્ણ ગીતકથાની મોંઢામોંઢ થવા મળ્યું.

Bhasha

ભગવાન પોતે પરભુ. લોકનો ધણી. પહેલાંની જૂની કળ-ધરતીનો ધણી. એને એક રાણી. ધણી ઘરમાં ઘોરે. રાણી ડૂબેલી કળને જોવા ગઈ. રાણીએ ભગવાનને પગ મારી જગાડ્યો. કંકુની આગથી ચૂલો સળગાવ્યો. પાણી ગરમ મૂક્યું એમાં વાર થઈ. ખીજાઈને ભગવાન ઇયળનો વેશ લઈ વાડીમાં સંતાયો. એને શોધવા રાણી ઈયળના વેશે નિકળી. વાડીમાં કાળો ગૂંગો ભમે. રાણી ઉભી રહી. ગૂંગો હસે. રાણી રૂએ, કહે - મારો ધણી વાડીમાં સંતાયો. ગૂંગાએ વાડીનો દરવાજો ખોલ્યો. ઇયળ થઈ કેળ પાછળ સંતાયેલા ધણીને લઈ રાણી કળ જોવા નિકળી. જૂનાગઢ, અંબાજી, રતનમાળ ગયાં.

ત્યાં કળુ રાણો મળ્યો. કુંવારી કન્યા કળ મળી. એને બેન બનાવી ઘરમાં લાવ્યાં. એને પુછ્યું - કેમ નાસતી ફરે છે ? તારા વગર જન જનાવર ક્યાં જશે ?

રાણીએ જીભના ઉલ-કાળમાંથી હોરાંબાઈ બનાવી. હોરાંબાઈએ સૂર્ય જણ્યો. પછી ચાંદો નિમ કર્યો. અમાસ પૂનમ થયાં. આ છોકરાંનો બાપ કોણ ? બાપ સરગમાં કાનો તારો. આકાશમાં કળ તારો, મેદ્દિયોતારો ઉગ્યો. પૂંસાળો, તોરણિયો, કનહેરી, વાયપૂન, હુપડકંઘો તારો થયો.

પછી રાજા ભોજે બળદોની પાંયત જોડી. આભા કણબી આવ્યા. એમણે ખેતી કરી. અન્નનો ડુંગર થયો. ત્રાજવી લઈ તોલારો દેવ આવ્યો. રાજા ભોજની રાણીઓ સોળ. ભાઈઓએ અનાજ સોજું કર્યું. રાણીએ ઘંટી જોડી. લોટથી થાળાં ઉભરાયાં. રાંધણાં કર્યો. ભાતાં લઈ રાણીઓ ખેતરે ગઈ. ઝીંગ્યો કણબી વનફળ ખાવા ગયો હતો. એને વનફળનો મેંણો ચઢ્યો. ભાઈઓ એને ઊંચકી લાવ્યા, મેંણો ઊતાર્યો.

Bhasha

રાજા ભોજના કોઢિયાની નોકર કાળી કોયલ. એ નવાણે ગઈ. છાણ ખેતરે નાખ્યાં. ત્યાં આંબો ઉગ્યો. આભો કણબી કહે આ આંબો મારો. કાળી કોયલ ખીજાઈ. એ આંબે આવ્યો મોર. આંબે કુંવારો કંદુ રાણો. એણે કાળી કોયલને રેવલિયો કાંકર નાખ્યો. કાળી કોયળ આંબાની ડાળે સંતાઈ. કંદુરાણાએ એની સાથળે ધકોડો માર્યો. પૂનમના દહાડે કાળીકોયલના ટાંટિયા ઉલાળ્યા. દહાડા ગણ્યા, કાળી કોયલનું પેટ વધવા લાગ્યું. કાળી કોયલની ભાભી આ જાણી ગઈ. રાવપૂડી ઉતારી ઢૂંઢા બડવાના ઘેર ગઈ. ભૂવાએ માતાઓ તેડી કહ્યું – તારી બેનને ગના છિનાળનું છોરું રહ્યું છે. ઈંદરાજ કહે, મારું નાક કાપ્યું.

કાળી કોયલે ધમાહના વેલાની પથારી પર બાળો જનમાયો, હિંચોળ્યો, દૂધિયા આકડાનું દૂધ પાયું. બાબો વધ્યો. નિશાળે ગયો. રમવા બહાર ગયો. કામઠી ધકોડો લઈ નિકળ્યો કચમેરની વાટે. રાણીના ઢોચકે ધકોડો છોડ્યો. રાણી કહે, તું મારી શાનું વેર લે ? તારો મામો આખો ભાગ ખાય. મહેણાનો માર્યો બાબો મામાને શોધવા નિકળ્યો. મામો સંતાયો ઉકરડે. તને ઉકરડે બાળું. મામો કહે તને બારનો બરોડો આપું. બધું રાજપાટ આપું. તું વર્યા વાપર્યાનો માલિક.

બાબા પિઠોરાનું આ ગાયણું આરોહ અવરોહ, નાટક જેવા ઊતાર ચઢાવ, ખુમારી, કુદરતી સ્વાભાવિકતા, સાહસથી આગળ વધતું જાય. બાબા પિઠોરાના આ ગાયનમાં આદિવાસી જગતની ઓળખ મળે છે. એમાં જંગલ, ખેતી, વૃક્ષ, વરસાદ, માણસ, પ્રેમ, દેવ, પૂર્વજ, કાળ, પ્રજનન, અસ્મિતા, અધિકાર આ બધાનું આલેખન બહુ સરળ, સહજ રીતે કરી દેવાયું છે.

એનું કાવ્યતત્વ, કલ્પના, રોમાંચ, અકલ્પ્ય વળાંકોથી ભરેલું છે. નિર્વ્યાજ શબ્દ સૌંદર્ય, ભાવ, વિધિનિષેધોથી છેટેનું જગત એવો

Bhasha

અવકાશ ઉભો કરે છે જે ભાવક શ્રોતાને નવી જ મુક્તિ, જૂદા જ આનંદનો અનુભવ કરાવે છે !

આવી અનેક કથાઓ, ગીતો, જીવન ખાસિયતો, નિર્ભાર જીવનશૈલીમાં જીવનાર આદિવાસીની આ કલ્પના ઉડાનને જોવા કોને નવરાશ છે ?

આ કથા જ્યાં ગવાય છે, એ કથામાં આલેખાતા બાબા પિઠોરાનું હજારો વરસોથી રાજ ચાલે છે એ પ્રદેશમાં તેજગઢમાં આદિવાસી અકાદમી આરંભાઈ. હજારો લોકો આવ્યા. તપ્યા. ત્યાં રહેવાસી થયા. પુસ્તકો વસ્યાં. તીરકામઠાં ચલાવનારાએ કોમ્પ્યુટર ચલાવ્યાં. આસપાસના પ્રદેશનો, લોકનો અભ્યાસ આદર્યો. દેશ દેશાવરના જાણીતા, રસિયા અહીં આવ્યા અને એકમેકથી વાતવિનિમય થયા. હરખેભર્યા નાચ થયા, નાટકો થયાં, શાળા થઈ, રોગની દવાઓ થઈ, આદિવાસીની વિદ્યાનું કૌતુકાલય થયું. એ બધું નવજુવાન આદિવાસીએ કર્યું. અહીં બધું ખડું થયું જે દુનિયામાં ઉત્તમ વિદ્યા માટે જોઈએ તે. દક્ષિણ, મધ્ય,પૂર્વ, ઉત્તર, પશ્ચિમ બધી દિશાઓથી આ નવા કાર્ય તરફ ઉત્સાહ વરસ્યો.

લેણદેણની વાત

આ જગતમાં સૌને એક બીજા સાથે નાનું મોટું લેણું હોય છે. ધરતી, જળ, સૂરજ, પવન અને આકાશ સાથે કુદરતના જીવોને આપવા લેવાનો સંબંધ હોય છે. એ લેણું શ્વાસે શ્વાસે ચઢતું જાય એમ ચૂકવવું ય પડે છે ! તત્ત્વોમાંથી જીવોનાં શરીર બને છે. એ જીવતાંનો મર્યા પછી હિસાબ ચૂકવાતો રહે છે. એક ભવ નહિ, ભવોભવમાં માનીએ

Bhasha

તો ભવોભવ પણ લેવાતું દેવાતું આપણે જોઈ શકીએ.

આ જીવનની વારતાનાં જીવજંતુ કુદરતના સંબંધે જોડાયેલાં છે. બધું એક ચૈતન્યસ્વરૂપ છે. નરવી ક્ષણોમાં ચેતના ખોળિયાં બદલીને ચારે કોર પહોંચી જાય છે. ઝાડની ડાળે સાડલાને બાંધી, પારણું કરી છોકરાંને ઢબૂરી, તગારે વળગતી માની છાતીએ કરી ગયેલું થાન, પેટમાં ઉછરતી ભૂખ, દુનિયાના વધતા વાયરા, સૂકાતા પરસેવા, લોઢિયે ચઢતા રોટલા, આંબલીની પાલીની ભાજી, પાણીમાં છમકારેલું મરચું, વરસાદ, ગરમી, થાક, ઊંઘ– આ બધું આદિવાસીના જીવનમાં છે. તાપ વધતો જાય છે. ખોપરીમાં અંગારા ઊછળે છે.

કોઈ વાર નાયક ગરમીમાં વટેમાર્ગુને જોઈ રહે છે. ગરમીમાં એના દાંત ભીડાય છે. સન્નાટો વધતો રહે છે. એક મેકને મારવા ખાવા સૌ ઘસી રહ્યું છે. કોઈ ન્યાયાધીશ નથી. શું બધું આમ ચાલશે ? કેટલું ચાલશે ? ન્યાયાધીશ આવશે એવી આશામાં આજના દુઃખનું શું ? પાપનો પોરો આવશે પણ આ ઘડીના કષ્ટનું શું ?

સાંજ પડે છે.

રાત ઘેરાય છે.

મધરાત થાય છે. બધું ઠરી જાય છે.

દૂર દાંતીએ દવ લાગેલો છે એ હજુ ભડભડે છે. ઢોળાવ પરના છાપરામાં કાલે છાપરું મૂકીને પરદેશ મજૂરી કરવા જવાનું ધણીધણીયાણીએ નક્કી કર્યું છે. છોકરાં કણસે છે. ગામ છોડવું નથી પણ છૂટતું જાય છે. ખાલી પેટ, વહેલી સવારે બોલતો કકડો એ જોડાને ઊઠાડી વારે પાડે છે. જંગલ બોડું થઈ ગયું. વરસાદ ઝરમરિયાં જ કરે છે. ડોલોમાઈટની ખાણે ઘોળી રજશ્વાસમાં ભરીને ચાર વરસમાં

Bhasha

મરવું કે શહેરમાં જઈ ધૂળધૂમાડાને રઝળપાટ, શોષણ વચ્ચે જવું. ચારે કોર સુકું ભઠ્ઠ છે. સચવાયેલો ડુંગરો બિચારો થતો જાય છે ! કંત્રાટીઓ તગડા થતા જાય છે. છાપરાવાળાને બે ટંકના રોટલાનાં ફાંફાં છે. બધું ફરી ગયું છે.

વારતા એ જ જૂની છે. ખેલનારા વેશ બદલીને રૂપાળા તાર નાખે છે. એના અવાજને, મૌનને કોઈએ સાંભળવાની દરકાર કરી નથી. ડામર રસ્તા, બોરકૂવા, ટ્રાઈબલ સબપ્લાન, નિશાળો, ચૂંટણીઓ, વઢાતાં જંગલ, દેવાં, રોગ, દહેજ, સ્થળાંતરની વચ્ચે ઝાંખી થતી જતી જાત. નક્સલવાદના વાગતા સિક્કાથી સીવાતા હોઠ. હક માટે બીજાઓ બોલે તો સ્વાતંત્ર્યની અભિવ્યક્તિ કહેવાય. પોતે બોલે તો નક્સલી હિંસાવાદ કહેવાય. પૈશાચી ભાષામાં કહેવાયેલી એની પવારતાને મુખ્યધારાની, અંગ્રેજી વાણી વિના કોઈ સાંભળતું નથી.થ દેશના ખ્યાલમાં, વ્યાખ્યામાં હજુ આદિવાસીનો સમાવેશ થયો નથી. સમગ્ર દેશની સંભાષામાં, વર્તનમાં શહેરને લગતી જ વાતો થાય છે. આદિવાસીની કોઈપણ વાતને સાવધ થઈને ષડ્યંત્ર તરીકે જોવાની આદત પડી ગઈ છે. જંગલનાં આદિવાસીએ સાચવેલાં સંસાધનો પર બળવાન સમૂહો અને રાજ્યનો ડોળો મંડાયો છે !

ડાબેરી જેવા ડાબેરીઓ પૂંજીપતિઓનાં ઉચ્ચાલન બની ગયા છે. આ જ ડાબેરીઓ સામાજિક ન્યાયની રૂડી વાતો કરી હળવે રહી કળિયુગનું મુડીવાદી પાણી પી ગયા છે. વિકાસ માટેની ઘેલછા, અંદરખાને ધાર્મિક ઉન્માદ આ પ્રશ્નના મૂળ સુધી જવા દેતાં નથી. જંગલના રક્ષકને જ ભક્ષક તરીકે ખપાવી દેવાની હજારો વરસ જૂની રીત રાજ્ય અને તેવા મળતિયાઓની મીલીભગતથી ચાલી રહી છે.

આદિવાસીનો જંગલ સાથે જન્મનાળનો સંબંધ છે. એ વાતને વિસારે

Bhasha

પાડી, ખોટ ખાઈને સમાધાન કરવામાં આદિવાસીને કે જગતને ભારે પડવાનું છે. આ દિશામાં સૌનો ખાતમો લખાયેલો છે. આ કહેવા પાછળનું કારણ એ છે કે આ મુદ્દે રાજકારણમાં, આદિવાસી જગતમાં, સમગ્ર લોકને ધારણ કરતા પર્યાવરણમાં ઘાતક ઉથલપાથલો મંડાઈ છે. કોઈ કહેતાં કોઈ આ મુદ્દે અપૂર્વ ન્યાયની પહેલ માંડવા તૈયાર નથી.

આટલી નાસમજની ચોમેરની પરિસ્થિતિ છતાં આદિવાસી એનો માર્ગ શોધી રહ્યો છે. જંગલ, માત્ર જંગલ નથી. આદિવાસી માત્ર જંગલની ઉપર ચિટકેલ કોઈ જીદ કરનાર સમુહ નથી. એ તો એ બહાને જગતને બચાવવાનો કિમિયો સમજાવવા મથે છે. યૂરોપ, અમેરિકામાં પ્રકૃતિથી કપાયેલો, ભારતમાં પ્રકૃતિથી કપાઈ રહેલો માણસ અન્ય માણસોથી જોજનો દૂર ફેંકાઈ ધરતીને રણ બનાવવા જઈ રહ્યો છે. યુરોપ, અમેરિકામાં વ્યર્થતા, નિરાશા, એકલવાયાપણું વિકસ્યું અને હવે આપણા દેશમાં એ જ રાહ લેવાયો છે. આપણે કુદરતના સહારે રહેનાર લોકો હતા એકાએકથી કે ધીમેધીમે એ સહારો કાપીને વિકાસનો રસ્તો આપણે પકડી લીધો છે. હજુ પણ આક્રાન્ત જગતને શાતા પામવાનો ઇલમ આદિવાસીને સમજીને જ જડશે એ નક્કી છે.

દસ માસ ઉનાળો, બે માસ નબળો પાતળો શિયાળો કે ચોમાસું જગતને ક્યાં લઈ જશે ? એકલું વસ્તુઓનું રૂપાંતર કર્યાથી, નાણાંવાદ, બજારવાદનો વિકાસ કરવાથી કાંઈ થશે નહિ. હવામાન બગડ્યું છે, વાદળ, પંખી, પશુ, જળ, લીલોતરીનાં પ્રમાણ સાવ નીચાં ગયાં છે. એકલા લોકની કે ઇમારતોની સુરક્ષા વ્યર્થ છે. પર્યાવરણની સુરક્ષા કેવી રીતે થાય, ઝાડપાન રાતોરાત ઉચ્છેદી શકાય પણ રાતોરાત

Bhasha

ઉભાં થઈ શકે નહિ આટલી સાદી સમજ પણ રાજ્ય કે ઉદ્યોગવીરો પાસે નથી. ધરતીના પ્રેમનાં ગીત એકલાં ગાવાં એ નકામું છે. ખરેખરી લીલોતરી વિના આપણાં પ્રકૃતિપ્રેમનાં ગીતોમાં કોઈ રંગ નહિ જ આવે. ધરતી સાથેનો સંબંધ આપણે સંવેદનશીલ હૃદયથી બનાવ્યો નથી. એ હવે ક્યારે, કેવી રીતે થશે ?

સ્થળાંતરની વાત

ગામે ગામ આદિવાસીઓની જંગલની જમીનનો કબજો ખાલી કરાવવાનો કારસો અંગ્રેજી ઢબમાં જંગલખાતું ચલાવી રહ્યું છે. જૂની દંડની પાવતીઓ કોઈ માને નહિ, કોઈની પાસે મોંઢામોંઢાનો વહેવાર હતો કે ભાઈ ખેડજો. જંગલના બીટગાર્ડ સો બસો હાથોહાથ લઈને જમીન ખેડવા દે પણ પાવતી આપે નહિ. ડીએફઓ, કલેક્ટરને અરજીઓ, મોરચા કાઢીને આપવા જાય પણ ઓફિસોમાં કાગળિયાંનો ઢગલો થતો જાય. સભાઓ થાય, ભાષણો થાય. ઘડીમાં ગામની પંચાયતમાં, તલાટીપાસે તો ઘડીમાં જંગલખાતાના અધિકારીપાસે લોકો કાગળિયાં ને પોતાનો મોંઢામોઢાના દાવા રજૂ કરે પણ પંચ્યાસીની સાલ પહેલાંની દંડપાવતીવાળા જ જમીનનો કબજો રાખી શકે એવો હુકમ છુટ્યો કે મોટાભાગના આદિવાસીઓના હાથ હેઠા પડ્યા. એમના અવાજ હજુ હક માટે એક થતા ન હતા.

ગામના મહુડે આસપાસના લોકો એકઠા થયા હતા. સૌ પોતપોતાને ત્યાંથી દારૂ લાવીને માટલામાં નાખતા હતા. ઢોલ વાગતો ગયો. દારૂ પીવાતો ગયો માંહોમાંહ વાત ચાલી.

આપડે બાર્યના સીએ લ્યા ? કેટલા ગોધા ખાવાના ? આ માટીના

સીએ. અહીં જ મરવાના ને જીવવાના. અહીં ડટાઈ જઈએ પણ પાસા ના પડીએ.

ડુંગરા બોલતા હતા – તમે અહીંનાં છો. અહીં રહો.

વાયરા ઊઠ્યા. વાત ચાલી.

જૂની વાત છે. ડુંગરી ભીલોની પવહીથ ની વાત છે.

સાંભળો.

પથ્થર ન હતા. પવન ન હતા. ધરતી ન હતી. આકાશ ન હતાં. નવલખ તારા ન હતા. ઝળુકાર હતા. જળ ભરેલાં હતાં. જળમાં ભગવાન કીડાના અવતારે સાત પાતાળ ઊંડા વસતા હતા. ધણીએ જળ બહાર આવવા વિચાર કર્યો. મનસા દેવી થયાં. ધણી મનસાદેવીને બોલ્યા – મને જળ બહાર કાઢ. મનસાદેવી માછલી થઈ. ડૂંટીમાંથી સેર છૂટી. સેરે સેરે ભગવાન ઉપર ચઢ્યા. ભગવાને ધરતી પેદા કરવા વિચાર્યું. ચોમાસાં પર ચોમાસાં કોરા ધાકોર આવતાં જાય છે. ખેતી ઊભી થતી નથી. વટવહેવાર, જીવારાનો આધાર થતો નથી. વ્યાજના નાણાં લેવાં પડે છે. દહેજ જતું નથી. દંડો તો કાયમી કેડને તોડે છે. દારૂમાં સુખ છે, એટલે પાછો દંડો પડે છે. ડાકણાં પીછો છોડતાં નથી. જીવવા જવું ક્યાં ?

એક સવારે છાપરાંના ઝૂમખા વચ્ચે છકડો ભૂટભૂટ કરતો ઊભો રહે છે. બે જણ ઊતર્યા. છાપરે છાપરે ફરે છે. અંદરથી બહાર આવવા હાક પાડે છે.

ખેતીમાં માણસ જોઈએ. રોપણાથી પકવવા સુધીનું ઉચ્ચક કામ. રોટલા, લુગડાં, લત્તાં, રહેવાનું બધું મળશે. આવશો ?

ચાર છ ધણીધણીયાણીનાં જોડાં નિકળે છે. ગોદડી, ડબ્બાડુબ્બી,

Bhasha

છોકરાં, પોટલાં, ઘડા લઈને છકડે ગોઠવાય છે. છાપરાના બારણે કાંટા ઝેંટી એ ચારમહિને પાછાં આવવા ચાલી નિકળે છે. દહેજ,દેવાં, દંડા નો માર પડતો જાય છે, વખત વીતે એમ ઓસરતો જાય છે.

ડુંગરે ડુંગરે આ હાલ છે. ડુંગરાની નદીનાં પાણી ઉલેચાઈને રણમેદાને પહોંચ્યાં છે ! ડુંગરાની અમી ઊડતી ચાલી છે. ડુંગરમાં જીવનારાં કકળી ઊઠે, બહાર જાય, ડુંગરે આવે પણ ભાડાંભૂડી કંત્રાટી, શેઠિયો સહુ એને હોળતા રહે છે. કોઈને દયા આવે છે. કોઈને ક્રોધ ચઢે છે. દિવસો જાય છે. ન્યાલ થાય છે વેપારી, શેઠિયો, બસવાળો, કંત્રાટી. આ બધામાં છોકરાંને ભણવાનું કેવું ? લુખ્ખો ટાઢો રોટલો, રેત-ઈંટો, ગટરની સાક્ષીએ ટકવાનું. મોટાં કે છોકરાં સૌ બરાબરીનું વેઠે.

સરકાર માટે આ આંકડાની વાત છે. શાસ્ત્રી માટે જૂની પણ જીવતી પરંપરાની, છેડા પર આવી રહેલી સામગ્રી છે. દુનિયા માટે આનું કોઈ લેખું નથી. શહેરના પવનમાં, ઉદ્યોગના વાવાઝોડામાં, નાણાંની નાગચૂડમાં ખરેખરનો જીવ ખોટેખોટો ઠરે છે ને ખોટા બધાનું મંડળ જીતતું, કિલકારી કરતું આગળ વધે છે !

દેશ, આઝાદી, આઝાદી પછીની વાત

જતાં આવતાં પૈડાંની ગતિમાં સંભળાય છે ગીત. ઉત્સવે, ટાણે એક સરખી રીતે ગવાય છે ગીત. બધાં બધા વખત ગાતાં ગાતાં હરખાઈ જાય છે. આ સાંભળી ડુંગરાવાળાનું હૈયું કહે છે,

એમાં અમારો ય રાગ છે. તમે ગીત બનાવ્યું, ગીતનું કારણ બનાવ્યું એ પહેલાંથી, સૌ પહેલાં આપણું સહિયારું ખાણું ખોવાઈ ન જાય એટલા માટે અમે રાતદિવસ જાગ્યાં, આપણો આધાર કાયમ રાખવા

Bhasha

અમે લડ્યાં, ઝૂઝ્યાં, તીર તાણ્યાં, મર્યાં, હઠ ના છોડી, જગા ન છોડી. અમે ત્યાં હતાં ને આ ગીત ઘડાયું. આ આંકા અંકાયા, આ ડુંગર વહેંચાયા, આ નદીઓ નામે થઈ, આ ખાણ માટે દસ્તાવેજ થયા. આકાશ પર વાડ થઈ. વાડે વાડે વિજયની પતાકા લહેરી. શું ગીત આટલા માટે રચ્યું ? શું આપણાં હૈયાંમાં આટલો ચપટી ભર જ પ્રેમ હતો. આ ધરતી, આકાશ, પાણી, પવન, સૂર્ય માટે ? આટલી જ શક્તિ હતી આ આંખની ? વનકઠી ખાઈને ધરવ કરનારાંની વનકઠી લઈ લેવાની રાડ ઊઠી. આ ત્યાં રહેનારાં જ જંગલનાં ઘૂસણખોર છે. ભૂખ્યાં જ રહ્યાં. ભૂખ ભાંગવા અમને વરણ ધરમ આપ્યાં. અમે કિમિયા ફુલડીમાં પૂરાયાં. એવા ઘાટ બન્યા કે જાતને ભૂલવા લાગ્યા.

એક શિયાળે ધરતી કંપ થયો. બીજા શિયાળે પાટાગાડીમાં મનખા પર ધરમના નામે આગ પડી. આખા પંથકમાં ફેલાઈ. ઉનાળા ચોમાસાં ભેંકાર થયાં. કિમિયાગરે વાયરામાં વાત મૂકી, ધરતીના માથે ભાર છે. આ ભૂખ્યાંનો ભાર છે. એ ભાર વગે કરો. પણ પહેલાં વાડનાં, દિવાલનાં, સીમાનાં ગીત ગાઓ. એને દુશ્મન બતાડો ને હથિયાર આપી ઉશ્કેરો. અને થયું પણ એવું જ. પૂર્વપટ્ટીને જીવનના હરિયાળા રંગને બદલે ધર્મનો રંગ મળ્યો.

આ વાત સમજવી અઘરી તો નથી કે આ સીમાઓ કોણે કરી ? આ ગીત કોણે ક્યાં, કેમ ક્યાં. લડનારાં જીત લઈ આવે કે એનું નામ લેવાનું નહિ.

તો ય આ વાત સમજવી એટલી સહેલી તો નથી કે આ સ્થિતિનું નિર્માણ ક્યાં પરિબળો કરે છે. આદિવાસી જો સુધરી જશે તો આ ચારે બાજુ કરવાનાં કામો માટે મજૂર ક્યાંથી મળશે ?

Bhasha

નાની વાતમાં મોટી વાત

વિરાટ અને જટિલ હોય એ પ્રભાવી, સુંદર કે શક્તિશાળી હોય એવું નથી. લઘુ, સરળ, અનાયાસ, ભંગુર હોય એનાં સૌંદર્ય, પ્રભાવ કે શક્તિ નિરાળાં હોય છે. જગતમાં ડગલે પગલે આપણે આનો અનુભવ કરીએ છીએ. મોટાં સ્થાપત્ય, જટિલ માળખામાં વ્યય, નિષ્કાળજી, ભય, પરોક્ષતા વ્યંજિત કે અભિવ્યક્ત થાય છે, એક નાનું કોડિયું, ઝીણું ફુલ, નાનું ઘર કે છાપરું, નાની નદી આ બધાં મનને ગમતાં હોય છે.

નાના, ખૂણાના, ઓછા જાણીતા ભાગમાં રહેનાર લોકો પોતાને ત્યાંથી જે મળે એનો મોહક ઉપયોગ કરી જીવી લે છે. ત્યાંથી જ બધી સામગ્રીને કલ્પનાથી આકારિત કરી આનંદ, કે હેતુઓ સિદ્ધ કરી લે ! ઝાઝાની લાલસા ન કરનાર જંગલમાં કરોડો વર્ષોથી રહેનાર આદિવાસી નદીની રેતના ગોળ કૂકા, વનસ્પતિનાં પાન, માટીના નાના આકાર નાના આંખમાં સમાય, મનમાં રહે એવા એટલા કદનાં નાનાં સર્જનોમાં બધી સર્જકતા ભરી દે છે. એમની જોવાની દષ્ટિ વિરાટ કે બહુની લોભી નથી. જે હમણાંનું, કામચલાઉ ભલે હોય તોય એને પૂરા સંતોષથી કાર્યમાં લાવી વ્યવહારો પાર પાડે છે. આ એક બહુ મોટો ગુણ છે એનાથી પ્રકૃતિમાં ઝાઝી તોડફોડ થતી નથી. એના જોનારને મસમોટી વાતોનો ચેપ લાગતો નથી. કહેવાતા સુધરેલા લોકો આવા ગુણને સંકુચિતતા, પછાતપણા, મુર્ખતા સાથે જોડે છે.

આદિવાસીના જીવનને સુપેરે સમજવામાં આવે તો દુનિયાને પોતાનું ખોવાયેલું ડહાપણ પાછું મળે. એને સુપેરે સમજવામાં આવે તો આદિવાસી અને દુનિયા વચ્ચેની વિભાજક બાબતો ને ગેરસમજો દૂર

Bhasha

થાય.

સલામતી, સંગ્રહ, લોભ, સ્પર્ધા, ચિંતા, સ્વાર્થ આ બધું આજના જગતને ગ્રસી ગયું છે. એના ઉકેલ આદિવાસીએ જીવનમાં ઊતારેલા છે. એને ઝીણવટથી જોવાની જરૂર કરોડો વર્ષોથી તે આજ સુધી જણાઈ છે. છતાં આદિવાસીએ પોતે લૂંટાઈ રહ્યાની ફરિયાદ ઝાઝી કરી નથી.

આદિવાસી કલ્પના જૂદી રીતે કાર્યરત થાય છે. કુદરતનાં તત્વો સાથે એનો સંબંધ સરળ અને ચમત્કારિક પ્રકારનો છે. કોઈ વાર્તા કે ગીત બહુ સહજ રીતે જીવનનાં ગહન સત્યો કહી દે છે. વસ્તુઓ, વૃક્ષો, પંખીઓ, પર્વત, નદી, પ્રાણી અને માનવના પ્રાકૃતિક સ્તરના સંબંધોનું જાળું આદિવાસી જીવનમાં જોવા મળે છે. એને એ રીતે વર્ણવી, આલેખીને એમની રચના થાય છે. આ સર્જન રીતિ જે હવા ઉભો કરે છે એનો આપણને જૂદો જ અનુભવ મળે છે. કોઈ કહેશે આ પુરાણી પરંપરા છે. એની પુરાતનતા સમકાલીનતાને સમાવી ચાલે છે. આદિવાસીપણું શાલીનતાથી ભર્યું છે. મૌખિકતામાં વિકસતી એની સર્જકતા લિખિત પરંપરાઓની સર્જકતાથી નિશ્ચિતપણે જૂદી પડે છે. આ ક્ષેત્રમાં કાર્ય કરતાં એક લેખકને સાંપડ્યું તે આ, કે મૌખિકતામાં ઊંચા પ્રકારની અભિવ્યક્તિ કળા છે, એમાં લોકનું સનાતન તત્વ પ્રગટ થાય છે, જીવનને સમજવા બોલાતી ભાષાને સમજવી જોઈએ.

લોકની સનાતનતા એટલે ભંગુરતા. માટી, પાંદડાં, લાકડાંથી બનતી ચીજો, કળાત્મક રચનાઓનાં આયુષ્ય લાંબાં ન હોય તો ભલે પણ એમાં અઢળક શ્રદ્ધા અને આસ્થા હોય છે. ટૂંકમાં, ઘડીભરમાં, હાથવગી સામગ્રીથી છાપરાથી માંડી મૂર્તિ, આહાર, નૈવેદ્ય, વાદ્યો, નૃત્યો

Bhasha

બધાં સરળતા, સહજતા, તત્કાલ ઉપયોગની સમજથી બનાવાય છે. મોંઘી, કષ્ટપ્રાપ્ય ચીજોનું નિર્માણ આદિવાસી કરે નહિ. મસ મોટી રચના પણ કરે નહિ. નિર્દોષતા એની રચનાનું અનન્ય તત્વ છે. ભોળપણને બાહ્ય જગત ઘણીવાર નકારાત્મક મૂલ્ય ગણે છે. આ મૂલ્ય જ એમના જીવન અને સમસ્ત પ્રવૃત્તિમાં પ્રતિબિંબ પામે છે.

એક ટંકનું ખાવાનું મળે તો બીજા ટંકનું હમણાં ન વિચારવું. પોતાના પ્રત્યક્ષ સંદર્ભ, પરિવેશનાં તત્વો, પશુ, પંખી, માનવ, વનસ્પતિ એ સહુના મેળમાં, આપ-લેમાં, પરસ્પરના પરસ્પર પરના હકથી સાથે, મનથી રહે છે. એમ એમની ભાષા, રીતરીવાજ, પરંપરા કહે છે. પોતાના ખાણામાંથી ચપટી, મુઠ્ઠી વેળા વેળાએ કીડી મંકોડીને પશુ પંખીને એ આપતાં રહે છે. એને હજુ દુનિયામાં ચાલતો લોભ આભડ્યો નથી.

આદિવાસીનાં ચિત્રો, માટીના આકાર, ખેતીનાં ઓજાર, મકાન, વાર્તા, ગીત, મેળા, રીતરિવાજો બધું ઝીણું, નાનું પણ સૂઝસમજથી સૌંદર્યદષ્ટિથી પ્રેરાયેલું છે. ભલે એ નાશવંત હોય, કાલે નાશ પામવાના બદલે આજે ભલે નાશ પામે પણ પોતાના પરિવેશ પ્રત્યે એને પારાવાર પ્રેમ છે. એટલે એને ત્યાંથી પસંદ કરી પોતાનું કાર્ય સાધે છે. વનસ્પતિનાં પાન, ઘાસ, વાંસ, ચાર છ હાથનાં લાકડાં ભલે વાંકાંચૂંકા, નાની ટેકરી પર બે ચાર ખાટલા જેટલી સરખી ભોંય પર છાપરું એક બે દિવસમાં ઉભું કરી દે. એક વેળામાં હળ ઘડી દે, બાચકો ઘાસ ખાઈને ઘરાઈ જાય એવાં બળદગોધાંથી ખેતી કરે. ટેકરી, ડુંગરના ઢોળાવમાં આડી ખેડ કરી ટૂંકા દિવસોમાં પાકતાં અનાજ પકવે, બકરાં કૂકડાં ઉછેરે, દસવીસ મણ પાકે કે ખુશખુશાલ થઈ જાય, ઝાઝાની તમન્ના ન સેવે, દેવને ખેતરથી પાક્યાનો ભાગ

Bhasha

અર્પણ કરે, નાચે, ગાય, તમાકુ-દારૂ પીએ. નાનું આયોજન, નાની ઉપજમાં એનો વ્યવહાર નભી જાય. એક બે પાક લીધા કે એનું ટટ્ટુ ચાલી જાય.

વનસ્પતિનાં મૂળાડિયાં, પાંદડાંને છાલની દવા. આસપાસથી જે પાક્યું તે ખોરાક, બળતણ હાથવગું જ હોય. વપરાશની વસ્તુઓની ઝાઝી જરૂર નથી. મહુડાનાં ફુલ ખાવાથી માંડી દારુ ગાળવામાં વાપરવાનાં. ઝાઝા અભરખા નહિ એટલે રમતાં રમતાં દહાડા કપાઈ જાય. જીવતરનો અર્થ આપોઆપ સમય કપાતો જાય એવો થાય.

હાટમાં જઈ થોડા દાણા દૂણી, શાક સાયણું વેચી સાટી ઘરની વખરી લાવી દેવાય. નાણાંની બહુ જરૂર ન પડે. ફૂકડાં બકરાં ઉછરતાં રહે એમાંથી વહેવાર નભે. નાની નાની વાતોમાં હરખ થાય. તહેવાર આવે એમ જાય. જે મળે એમાંથી હરખ જાગે.

એમની જીવન વ્યવસ્થા સદીઓથી ચાલે. નાણાં વિના પણ. એમાંથી એક વાત એ મળે કે નાણાં વિના જીવી શકાય છે. વિકાસની વાત તો પછી. ટકવું, ખેંચી કાઢવું એ જ એક નિશાન.

આવા બધા વિચારોમાં એક વિચાર એવો થયો કે નાણા વિના વિકાસ શક્ય છે ? હા, તો કેવી રીતે ? બહુ શરૂઆતના તબક્કે નાણા વિના વિકાસ આરંભાયેલો વસ્તુની સામે વસ્તુનો વિનિમય, વસ્તુ સામે એવા, એવા સામે એવા એવા રસ્તે વગર નાણે વિકાસ થયો હતો. એમાં ઘણી ઓછી ગતિ હતી એ કબૂલ પણ જગતને ચઢેલો આ નાણાવાદી, વિકાસવાદી તાવ ઊતાર્યે જ છૂટકો છે. આના પરિણામે અનેક પ્રકારની અસમાનતા જન્મી છે. સંઘર્ષો બેહદ થઈ ગયા છે. હિંસાચાર વધી ગયો છે. હતાશા અગણિત પ્રમાણની થઈ ગઈ છે.

Bhasha

અક્ષરજ્ઞાનનું માહાત્મ્ય એટલું વધી ગયું છે કે નિરક્ષર માટે કોઈ અવકાશ જ નથી બચ્યો. સાક્ષરતા નહિ પામેલી વ્યક્તિને કોઈ સંમાન જ નથી મળતું. શું સાક્ષરો જ આ જગતના હિતચિંતકો છે ? દુનિયાને એવું નુકસાન કરી થોડાં સાધનોથી જીવવાની પરંપરા કોની વિકસાવેલી છે ? સાક્ષરોએ વિકસાવી કે નિરક્ષરોએ ? આ સવાલ નાનો નથી. આ સવાલના સુવિચારીત જવાબમાં જ જગતનું હિત સચવાશે એવું આજે સમજી લેવાનો સમય આવી ગયો છે.

નાણા વિના, અક્ષરજ્ઞાન વિના એટલે મુડી વગર આ જગતને શું પાછા પગલે ચલાવતાં, પથ્થર યુગમાં લઈ જવાનો ઇરાદો છે ? અક્ષર પર એકાધિકાર વગદારોએ સ્થાપ્યો એના આધારે જગતની સંપત્તિને પોતાની પકડમાં લીધી, વારસાગત લીધી, જાતિગત લીધી એ બધાં દૂષણો માનવજાતે જોયાં છે એટલે એના ઈલાજ શોધવાની આ જગા છે. આ ધૂણી પર મોડી રાત સુધી જાતજાતની ખોપરીઓ તપે છે. અવારનવાર આવતી જતી રહે છે. વિકલ્પોની શોધ અને પ્રયોગની મોકળાશ, જે બધું વિચારી શકાય છે જેમાં માનવને વધુ સારો બનાવવાની શક્યતા છે એ બધાને અહીં અવકાશ છે. જગતમાં જ્ઞાનપીપાસુ પ્રવાસીઓ, લોકશાસ્ત્રના અભ્યાસ કરવા નિકળેલા અનેકોએ, દાર્શનિકોએ, રાજકિય, સામાજિક, સાંસ્કૃતિક, કલાકીય ચિંતકોએ પ્રયોગવીરોએ જે વિચારીને મૂક્યું છે, આચરીને, સિદ્ધ કરીને મૂક્યું છે પોતાના સમય માટે અને આગામી સમય માટે જે કાંઈ તેઓ મૂકતાં ગયાં એ બધાંને નાણવાનો પ્રમાણવાનો અહીં મોકો છે.

પ્લેટોના સંવાદો માફક જ્ઞાન નિસુ સાથીઓ સવાલ કરે ને આપ લે માં ખુલ્લી વિશ્વશાળા જેવી કોરાજની તળેટીએ, મહુડે, બધાં જીવનરાત્રી

Bhasha

યાત્રીઓ જીવનની વાતોને અનેક પરિપ્રેક્ષ્યોમાં જાણવા મંડ્યાં રહે છે. અહીં ઝાડની ચિંતા છે, વર્ગખંડની, ગ્રંથોની, ભણતરની, રોગના ઇલાજની, કળાની, પ્રસારની, રાજ્યના નાગરિકો સાથેના વ્યવહારની, ભૂખની, સ્થળાંતરની, ખેતીની, સહકારી જીવનની, આધુનિકતાની, પરંપરાની, જળરક્ષણની, ન્યાયની અને અહિંસાની ચિંતા છે.

દરેકે પંથકમાં, જિલ્લામાં, રાજ્યમાં કે દેશ કે દુનિયામાં આ વાત સાથે સેંકડો, હજારો, માઈલના પ્રવાસો કર્યા છે. અન્યાય શોષણ શ્રમ ભૂખનું જીવન જાય અને ન્યાય, સુખ, વિકાસની તકો સૌ માટે ઉઘડે એવાં સપનાં અહીં મથનારાં સેવે છે. કારણ વિકાસના નામે એવો ભાંગરો જગતમાં વટાયો છે કે સાદી સીધી રીતે જે ઉકલે એવું હોય એને લાંબુ અને અઘરું કરી દેવામાં આવે છે. વડલાઓ એ નાનાં ગામો કેવા કેવા વિચારોના પાયા પર રચ્યાં. કેવા સંપત્તિ-અર્જનના નિયમો, કેવા ન્યાયના રસ્તા રચ્યા. સામુહિકતા, સહકારીતા, પારસ્પરિકતાની પરંપરાઓ સ્થાપી.

અંગ્રજોની ભારતમાંની સરકાર સામે આદિવાસીઓ ૧૮મી અને ૧૯મી અને છેલ્લે વીસમી સદીમાં સેંકડો ઠેકાણે લડ્યા. જંગલમાંથી અંગ્રેજોને કાઢવા, એમની પોતાની સ્વાયત્તતા પર થયેલી તરાપને મારી હઠાવવા એ લડ્યા હતા. હાથમાં તીર કામઠાં જ હતાં. જંગલ ખાવા ઘસેલી અંગ્રેજસત્તાને કોઈ પણ રીતે કાઢવા એમણે લૂંટ, માર, આક્રમણ, ગોરિલા રીતો અજમાવેલી. દેશી લોકોના અનાજભંડારોને દુષ્કાળ સમયે પોતાના જીવારા માટે લૂંટ્યા. અંગ્રેજો અને દેશી બળિયાઓના એ દુશ્મન થયા. અંગ્રેજોએ એમને પકડ્યા, પૂર્યા, વેઠ કરાવી. આસપાસની જ વાત કરીએ તો છોટા ઉદેપુર, જાંબુઘોડા અને ગોધરાના નાયકોને નસુધારવાથમાં અંગ્રેજ સત્તાને નાકે દમ

Bhasha

આવી ગયો. લુણાવાડામાં સરાડિયા ગામના આદિવાસીઓએ આઝાદી પછી પણ પોતાની સ્વાયત્તતા માટે સશસ્ત્ર જંગ કરેલો. ૧૯૧૩માં આદિવાસી ગોવિંદ ગુરુને માનગઢ પર એના ભક્તો સાથે ઘેરી, એમાંના ઘણાને શહીદ કર્યા. જંગલી પેદાશ જીવનનો આધાર મહુડાં, ગુંદર, ગૂગળ, લાખ, ટીમરૂપાન, ખાખરાનાં પાન આ બધુ ઋતુઋતુએ ધરતીમાંથી ફૂટે. પેદા થાય એટલું વીણવાનું હાટ ચૌટે માણસે એને દાણાના અડધે, સાટે, બમણે આપવાનાં ચાલતી રહે જીંદગી. જનમતી, ઉછરતી, ચાલતી રહે પેઢીઓ.

ધરતીના માથે જંગલ, જંગલમાં રહેનાર કાયમી સવાલ થયા છે. કાયમી સવાલ થવાનું કારણ ? કુદરતે ડુંગરમાં ભંડાર ભર્યો છે. ડુંગરવાળો એટલો રાજી છે એને ઘૂંટડે ઘૂંટડે જોવામાં પીવામાં ડૂબ્યો છે. એને ઉતાવળ નથી. એ કહેતો નથી. આ બધુ હું પી જાઉ, એક ઘૂંટડે પી જાઉં. ના, બધી દુનિયા પીએ, માપમાં પીએ, રગે રગે પીએ. ઊતાવળે એનો વહેલો છેડો આવી જાય. કુદરતે એને સાચવવા ત્યાં મૂક્યો છે ને બાકીનાં, ઊતાવળિયાં, ખાઉધરાં ઉશેટી જવા તૂટ્યાં છે.

આજની વાત

પહેલાં જે બહુ સ્પષ્ટ જાણ્યું નહોતું એ તીવ્ર રીતે આંખ સામે આવી રહ્યું છે કે આદિવાસીની ભાષાઓ ગામડાંની બોલીઓ પાંચ દસ વરસમાં હતી ન હતી થઈ જશે. હજારો વર્ષ જેને બનતાં બનાવતાં વીતી ગયાં એ કંઠ પોતીકી વાણીને વિસારે પાડી કોઈ નવી અજનબી વાણીમાં પોતાની વાત કહેવા લાગશે. એ જીભ શું કાયમ માટે ખૂટી

Bhasha

જશે ?

એ હૈયું જે ડુંગર, ઢોળાવે ઢળકતી ઢેલ ને નાચતા મોરની સાક્ષીએ નાચી ઊઠતું હતું એ શું કરશે ? એનાં ગીતો, વારતાઓ, વાદ્યો, નૃત્યો, ઉત્સવોનું શું ? અનંત આકાશ તરફ વાતે વળતો જંગલનો વાસી વા વાનર વાઘ, સાપની સાથે વાતે વળતો એ બધું ખોઈ બેસશે ?

પોતાના મનમાં ઊઠતાં ગીતોને એણે કહી દીધું હશે, જાઓ આકાશમાં અને કોઈ બીજાં હૈયાંમાં અવતરજો. એના જીવની જનાવરો, વનરાજિ સાથે જે મહોબત હતી એ એકા એક, દાયકામાં મરી જશે ? ખોવાતાં જંગલો, ઊડી જતાં પાણી, ભાગીને શહેરમાં જતાં ભાંડુ માટે એને કાંઈક તો થતું હશે ? એનાં જંગલોના ધોળા પથરા, ખનીજો, લાકડાં, પશુ, પંખી સાથેની એની માયા એકદમ કેવી રીતે છૂટશે ?

હવા પર વાત ચાલે છે. આ ધરતી સૂકાઈ છે, સુકવનારાં સૂકાઈ જશે. ધરતી સૂકવનારાએ બધું જાણ્યું, પણ હૈયાની, ભૂખની ઝાળ ન જાણી. હવા પર વાત વહે છે નાણાના, ચાબૂકના ભૂખ્યા મનના નકશા પહોળા થતા જાય છે ને બધાં તત્વો પીવાતાં જાય છે. આ બધું સરે છે, ઊડી બાષ્પ થાય છે તેમ ઠેર ઠેર વગડે વગડે, ડુંગરે ડુંગરે, પંથકે પંથકે કંઠના સૂર મરતા જાય છે.

આ ઉનાળો ઘણો આકરો છે. રણ વટાવાય એવાં નથી. દાદાએ રોપેલો આંબો આ કાળા ઉનાળે લુંબઝુંબ થયો છે. કેરીઓ હકાઈ ગઈ છે. ચોમાસું આવવાની વેળા થઈ છે. પણ આકાશ અને ધરતી એક જેવાં થઈ ગયાં છે.

આંબાની ડાળ પરની કેરી વેડી લીધી છે. એના પર થોડી પંખીડાંના

Bhasha

ભાગની રહેવા દીધી છે. રાખી મૂકેલી ડાળપરની કેરી ઝૂલે છે. વૈશાખ જેઠ જાય છે.

પંખીડાં ક્યાં ગયાં ?

કોઈક તો આવો.

ચાંચાટો કેરી તમારા હકની ?

કોયલો આવીને કુઉ કુઉથી આંબાને હેંકી દો.

કોઈ બે ચાર તો આવો.

આવશો ?

નહિ આવો ?

રોજ થાય છે કે આ ડુંગર હર્યો ભર્યો હતો. જગત ડુંગરે આવતું ગયું ને ખાતું ગયું. ડુંગરાને ખૂટાડતું રહ્યું. બોડો કરી રહ્યું. નદી ગઈ, ઝાડ ગયાં, પથરા તૂટીને મોં ફાડી રહ્યા. જગત તળેટીમાં ઢગલો વળી રાડ નાખે છે આ ડુંગર અમારો છે. એને અમે લીલો કરીશું.

ડુંગરાવાળા કહે છે આ ડુંગરામાં અમારા પૂર્વજનાં હાડકાં છે. અહીં ટકેલાં મારા બાપનાં હાડકાં હમણાં કાઢી બતાવું ? જૂઓ, આ પૂર્વજના નામનો મારા કોઈ પૂર્વજે રોપેલો પ્હાણો. આ હાડકાં દટાયાં એટલે તો આટલું ટક્યો છે આ ડુંગરો.

દુનિયાએ ટંટો માંડ્યો છે. ક્યાંથી આવ્યો તારો બાપ ? એ દરિયા પારથી ડુંગરાની મોળે મોળે ચાલતો અહીં આવ્યો. અહીંવાળો બીજી મોળે ગયો. એમ કઇ ડુંગરો તારો ન કહેવાય. આ ડુંગરા તો બધાના. તમે માંય ભરાયા ને ડુંગરા ખાઈ ગયા. બધા કાનૂન તોડ્યા.

Bhasha

ડુંગરા વાળો કહે –

નદી મારી મા છે. આ ઝાડ મારો બાપ છે. અમારા પૂર્વજ પાણી થઈને ઝાડ થઈને ફૂટ્યા છે. અમે અહીં જીવીશું ને મરીશું. અમારો કાનૂન આ છે. મારો કાનૂન ન તો મારા પૂર્વજને ગળે ઊતર્યો, ન તો મારા, તો પછી એને તોડ્યો કેવી રીતે ?

અમે કુદરતના કાનૂનથી ચાલીએ. તમે માણસના કાનૂનથી ચાલો. આપણા મારગ જૂદા છે.

શું છે આ ડુંગરા ?

એને કોઈ ઓળખ છે ? છેટાવાળા એને પહાણા, માટીનો ઢગલો ગણે છે. એમાં જીવ છે. એના પર હજારો પ્રકારની વનસ્પતિ, જનાવર, જન જન્મે છે, જીવે છે. એક આખી દુનિયા છે. એનું ઋત મેદાનથી જૂદું છે. એને દુનિયા ખોદે છે, ખાય છે, કાપે છે, સળગાવે છે, જેર કરે છે.

અંદરનાં પશુ પક્ષીને પલોટે છે. અંદરનાં વાર્તા, વસ્તુ, એકાંત, જીવન, મૃત્યુ, રોમાંચ, જ્ઞાનને ઓળખી લેવા જોર કરી ત્રાટકે છે. આ ડુંગર દુનિયાને પોતાના ગૂઢ મન જેવો લાગે છે.

ડુંગર અને પવન એકવાર વાતે ચઢ્યા.

પવન કહે, હું મોટો.

ડુંગર કહે, હું આજકાલનો થોડો છું ?

પવન : સૌથી પહેલાંનો હું છું. વાદળાંને ચલાવું છું. હું રોકાઈ જાઉં તો તારા પર વાદળાં વરસે છે !

ડુંગર કંઇ ન બોલ્યો. છેવટે પવન ગુસ્સે ભરાયો. જોરમાં વાવા લાગ્યો.

Bhasha

બધાં ઝાડ હલાવી નાખ્યાં, પાંદડાં ઊડાડ્યાં, પણ ડુંગર અડીખમ. જબરો છે આ ડુંગર. કેમ હાલતો નથી ? લાવ, વધારે જોર કરું પણ ડુંગર કોને કહ્યો ?

પવન થાક્યો. આ ડુંગર મરતો નથી, ખસતો નથી. પવન ખીણમાં બેસી પડ્યો. થોડી વાર પછી બેઠો થઈ ડુંગરને ઉખેડવા લાગી ગયો.

એટલામાં દવ લાગ્યો. દવ લાગ્યો કે પાછો પવન વાયો. રાતા પીળા પાણીએ ડુંગર નહાઈ રહ્યો.

પવન બોલ્યો – આ ડુંગર નહિ મરે. એને વરદાન છે. એમા સત્ છે.

કાલે વાત

બીજા દિવસે વાદળ ગડગડ્યાં. આભ તૂટી પડે એવી ગર્જના થઈ. ધરતી તૂટે એવું લાગ્યું. તોય ડુંગર તૂટે નહિ. વાદળાં વરસ્યાં. દે માર પવન ફૂંકાયો. પાણી ને પવન ડુંગરને ધોવા ભેગાં મંડ્યાં.

પવન ડુંગરની આરપાર થવા મથતો હતો. પણ એમ રસ્તો જડે ? ઝાડની ડાળે બેસી જોઇ રહ્યો કે હમણાં ડુંગર ધરતીના મથાળે સપાટ થઈ જાય.

ડુંગરાની આ વારતા રોમાંચ, રહસ્ય, કૌતુકથી ભરેલી છે. પણ ડુંગર અને ડુંગરવાળાંને આજે દુનિયાએ ભૂંડી તરેહથી તહસનહસ કરવાનું માંહોમાંહ ઠરાવ્યું છે ! ડુંગર કે ડુંગરવાળાં સત્વાળાં ખરાં. પણ સત્ નો ઉચ્ચાર એમણે આ ઘોંસ સામે કર્યો છે ? એ વાણી એને ક્યારે,કેવી રીતે મળશે ?

આદિવાસીની સંગતમાં, વાટે, ઘાટે, ટેકરે, મેળે, ખેળે આ બધું

Bhasha

મનમાં આવે છે. હજી જાગરણ થયું નથી. થયું છે એ ક્યાંક ઊંધા જૂદા પાટે. એના મન સાથે વાત કરવાનું મન રચવાનું ખરે ખરે કપરું છે.

દરેક નવો દિવસ આ કાર્યને વધુ કપરું બનાવતો જાય છે. આ ચઢતા ઢાળનો ય ઊતાર આવશે.

આ પ્રવાસમાં પચાસથીય વધુ વરસ પાછો જાઉં છું. જોઉં છું તો મા કહેતી, ઘરમાંથી દેવતા ખોવો નહિ. આ દેવતા-અગ્નિ દાદીએ મને ભાળવ્યો. એમણે કહેલું કે આ એમની સાસુએ-પરદાદીએ એમને સોંપેલો.

મા આ અગ્નિ સાંજ પડ્યે છાણામાં ભારવી રાખમાં છાણું દાબીને સૂઈ જતી. વહેલી પરોઢિયે ઘંટીએ દળવા બેસતી, આખા દિવસના રોટલા થાય એટલું દળાય, એટલે ઊભી થઈ, માટલાં ઘડા લઈ કૂવે જતી ને પાણિયારું હાર બંધ પાણીનાં માટલાંથી ખડકી દેતી.

પછી પેલો આગલી રાતનો ભારવેલો અગ્નિ ઝીણાં ટિટિયાંથી સળગાવતી ને નહાવાનું પાણી ઊનું કરતી. પછી નહાઈને રાંધણિયું અજવાળતી. અગ્નિને એ નવાહદેથ કહેતી.

ઘેર ઘેર, છાપરે છાપરે આ વાહદે. ડુંગરે ડુંગરે આ વાહદે.

એ ગઈ.

બાને સોંપતી ગઈ.

જંગલના વાસીનો વાહદે સાથેનો આ સંબંધ. એને જાળવવાનો આ નુસખો.

કેટલો નાનો, સુંદર નુસખો.

Bhasha

આજે અગ્નિ, વાહદે ખોવાઈ ગયો છે.

એ રૂપે ખોવાઈ ગયો છે.

એણે રૂપ બદલી નાખ્યાં છે.

મા હોલવાઈ, વાહદે હોલવાયો.

જંગલ ઝાંખું થઈ ચાલ્યું છે

તોય દુનિયા ભડભડ સળગે છે.

મનમાં પેસી ગયેલી આગ ક્યારે ઠરશે ?

ડુંગર મુકીને ખેતરે વાટ ચાલી છે. ખેતર છોડી ગામે ગામ વિખેરાયાં ને શહેર થયાં છે. આ પગદંડી, કેડી કે વાટ, મારગ કે મહામારગ, જળમારગ કે આકાશ મારગ. બધું મારગ મારગ થઈ ગયું છે. બધું વેપારમાં આવી ગયું છે. આ મન મારગથી જ થયું ને ? પગદંડી ચારનાળી થઈને, તોફાની પવન થઈને આખા જગતમાં ફરી વળી છે.

પગદંડી ક્યાં ખોવાઈ ગઈ ?

આટલી નાની, રૂડી વાટ કેમની ખોવાઈ ?

ભણતર જાતજાતનું થઈ ગયું છે. કોઈ ઇતિહાસે ડૂબ્યું છે, કોઈ બ્રહ્માંડે ઊતર્યું છે. કોઈ ખાઈપીને તડકે તપે છે. કોઈ ભડાકા કરે છે. મરે છે ને મારે છે.

ડુંગરમાં તો આ સૂઝ હતી કે માટીમાં રમવું, ઝાડની ડાળે ઝૂલવું. ખપનું લેવું. ત્રાજવું આવડતું નથી. આખાનો ભાગ કરીને કોઠીમાં ભરવાનું શીખ્યાં નથી. આખાનો માલિક તો ધરતીનો ઘડનારો છે.

Bhasha

આપણે ઘડી બે ઘડીના પ્રવાસી.

ડોસી ચકલાં માટે છોડતી. કીડી માટે રહેવા દેતી. મૂંગાં ઢોરને પોતાનું ભાંડુ સમજતી. ડોસો ખાખરાના પાનની ચૂંગી ફગફગાવતો અને પડખેના કોતરમાં ઇતિહાસ વહી જતો, દુનિયા તણાઈ જતી, દુખને ભૂખ ખેંચાઈ જતાં. નજર સામે કુદરતનું ભણાવેલું રહેતું. એની વાત આ કાગળિયાં પર માંડી છે. કાગળિયાં કરી કરીને કેટલું જોર કરશે ?

સંગાથની વાત

ભગવાનદાસ પટેલ, અશોક ચૌધરી, ત્રિદીપ સુહૃદ, ડાહ્યાભાઈ વાઢુ, અર્જુન રાઠવા, વિક્રમ ચૌધરી, ધીરૂભાઈ પટેલ,અતુલ ગર્ગ, દક્ષિણ બજરંગે, પ્રાચી દુબળે જેવા આદિવાસી પ્રેમીઓ, કર્મશીલો, કલાકારો, સાહિત્યકારો સાથે જ યાત્રામાં સહધર્મીતાથી કાર્યના પાયે સ્નેહ સાથ રચાયો. માનસિંગ ધનજીભાઈ, ચિલિયાભાઈ, દેસિંગભાઈ જેવા ચિત્રકારોની ચિત્રકળાનો અમુલ્ય પરિચય થયો. જિતેન્દ્ર વસાવા જેવા યુવાન લેખક, એમના સરખી વયના અનેક મિત્રોના સ્મિત અને સ્નેહભર્યા ચહેરા અને વાણીનો અકાદમીમાં નિકટ પરિચય થયો. શ્રીમતી સુરેખા દેવી અને ગણેશ દેવીનાં અહોરાત ચિંતન, કાર્ય આ ઘખતા વિશ્વમાં શિતળ વિશ્રામરૂપ છે.

એક નવા મુલકમાં રોજે રોજ નવી હકીકતો માનસમાં રજૂ થતી જાય. કેટકેટલી જીવનદષ્ટિઓ, કેટલી નવી, નોખી રોમાંચક સમજ-વિચાર રીતિ ઓળખવાનું થયું.

પંથક, જિલ્લા, રાજ્ય, દેશ અને આંતરરાષ્ટ્રીય સ્તરનાં મિલનો, ચર્ચા, મેળાવડા, મેળા, હાટ, પરિસંવાદ, કાર્યશાળા, વ્યાખ્યાનો, સંગમો

Bhasha

થયા. દરિયાપાર દેશાવરોનાં વિદ્યાર્થી વિદ્યાર્થીનીઓ અભ્યાસે, પ્રવાસે, પ્રત્યક્ષ કાર્યે આવ્યાં. વિદ્વાનો, મહાનુભાવો, સાહિત્યકારો, કર્મશીલો, શિક્ષકો આ સ્થળે આવી વિચારમંથનમાં સહભાગી થયા. એથી અહીંનાં, તળનાં કાર્યકરોની અનુભવ મુડી મોટી થઈ. વિશ્વાસ વધ્યો. પોતાની હકીકતો, પ્રશ્નો, વિશિષ્ટતાઓ, રીત રીવાજોને વર્ણવવાની કળા વિકસી. આદાનપ્રદાનથી થયેલા વિચારોનું ભાથું લઈને એ સહુ પોતપોતાના કાર્યક્ષેત્રમાં જતાં આવતા રહ્યાં. આ પોતાની સંસ્થા છે એના નિર્માણમાં એમની લગની ઉભી થઈ. એટલે કે આદિવાસી સંદર્ભે એક નવી ભાષા જન્મી. આદિવાસી પ્રદેશમાં પ્રદેશની અકથ આકાંક્ષાઓને મૂર્ત ઝંખતી સંસ્થાને સેંકડો બલકે હજારોનો સીધો, આડકતરો સહયોગ રચાયો.

કોને કહીએ વાત ?

બાપે છોકરો પરણાવવા વ્યાજે રૂપિયા શાહુકાર પાસેથી લીધા હોય. છોકરો ને બહુ શહેરમાં કે કોઈ ખેતરે મજૂરી કરવા જાય ત્યાંથી રૂપિયા ઉપાડે. બેઉ ઠેકાણે વ્યાજના ઘોડા વધતા જતા હોય. કમાણી બધી દેવામાં જાય. ખેતીમાં પાકે નહિ. દરસાલ વ્યાજના ચોપડે નવી રકમ અંકાઈને અંગૂઠા પડતા જાય. મંદવાડ આવે, દવાખાનાં થાય દસકા વિતતા જાય. છોકરાંનાં ઢોકરાં ભરે ત્યારે મુસીબતે દેવાનો ડુંગર ખસે.

છાપરાં, ખેતીનાં સાધન, બળતણ માટે જંગલમાંથી લાકડાં લાવીએ તો ખાતાવાળા પકડે. જંગલમાં રોજી નથી. જંગલ-વતન છોડવાનું આકરું લાગે છે. તો જીવવા માટે શું કરવું ?

Bhasha

બે વરસ ખેતર ખેડીએ, કાંઈ ના પાકે એટલે બે વરસ રહેવા દઈએ. પાછા ખેડવા જઈએ તો ખાતાવાળા રોકે. રૂપિયા લે. દંડ પાવતી ન આપે. ગ્રામ સભાના ઠરાવને ય ન માને. ગણે એટલું જૂનું ખેડાણ હોય તો ય એમાંથી અમને કાઢે. તોય દુનિયા, સરકાર કહે છે કે જંગલ તો આદિવાસીના નામે કરી દીધું. હવે શું બાકી છે. જંગલનીતિ હમણાં ૨૦૦૫માં નવી બની પણ છેલ્લાં વીસ વરસ થી જંગલની જમીન ખેડનારાં કેટલાંને નામે જમીનો થઈ ? સવાલાખ અરજીમાંથી માત્ર વીસ હજારના નામે જમીન ગુજરાતમાં થઈ. દેશના બીજા ભાગોમાં પણ આ જ, આથી ભૂંડા હાલ છે. કેમ કરીએ ?

આદિવાસીને બક્ષી પંચના દાખલા મળે છે. બાપ કે દાદો આદિવાસી પણ બેટો કે બેટાનો બેટો આદિવાસી નહિ. જંગલ કપાતાં ગયાં. અટલે માણસો નોંધારા થયા. જંગલ મટી ગયાં એટલે શું અંદરના આદિવાસી પણ મટી ગયા ?

જંગલનું અર્થતંત્ર નાનકડું છે. રૂપિયાનું ચલણ ત્યાં ઓછું છે. જંગલ બહાર મોટાં ગામો, શહેરોનું અર્થતંત્ર નાણાં, ઉત્પાદન પર ચાલે છે! એની ગતિ તેજ છે. દેશના પચીસ ટકા જેટલા વિસ્તારમાં નાણાંનું ચલણ ખુબ નાને પાયે ચાલે છે ! તો આ ભેદનો શું ઇલાજ ? અહીં સ્વાસ્થ્ય, શિક્ષણ, ખેતી, વાહન વ્યવહાર બીજા ભાગોની તુલનાએ છેલ્લાં સાઠ વર્ષોમાં પણ વધુને વધુ અસમાન બનતાં જાય છે. તોય પોણા ભાગની ભૂમિ આ જંગલની પા ભાગની ભૂમિનાં પ્રાકૃતિક સંસાધનોને જાતજાતની યુક્તિ પ્રયુક્તિ, કાનૂન, પ્રચારથી હરી લેવાનો પ્રયાસ ચાલે છે.

આંતરરાષ્ટ્રીય નાણાંકીય સંસ્થાઓ પૃથ્વી પર ગરીબ કે આદિવાસી છે જ નહિ એમ સિદ્ધ કરવાના પ્રયત્નોમાં લાગેલી છે. આ પ્રયાસોને

Bhasha

કેવી રીતે રોકવા ?

આજે ય આદિવાસી સમુદાયને અબુધ સમુદાય તરીકે ગણવામાં આવે તો સમાનતાના સિદ્ધાંતનું શું ?

જંગલ મરે છે તેથી જંગલવાસીની સંસ્કૃતિ મરે છે, જંગલવાસીની ભાષા મરે છે. સહુની ભાષાઓ મરવાના કારણને દુનિયા ક્યારે ય મટાડશે ? કુદરતનું, જંગલનું રક્ષણ દુનિયાએ છોડ્યું તો કુદરત કેવી રીતે દુનિયાનું રક્ષણ કરશે ?

વિચરતી જાતિની વાત

ભાષા અને સંસ્કૃતિના કાર્યમાંથી અનિવાર્ય પણે મસ્તક ઊંચકી ઊભું રહેલું ક્ષેત્ર છે હાંસીયાની ભાષાઓ, જનજાતિઓ, તેમની સંસ્કૃતિઓનું. જનજાતિઓને જંગલનો ને દેશના બંધારણનો કાંઈક ટેકો છે. પણ વિચરતી અને નવિમુક્તથ જનજાતિઓને ટેકો નહિ પણ ધક્કો છે. તમે અહીં નહિ, અહીં નહિ, પણ બીજે જાઓ, તમારો કોઈ દેશ નથી. તમે નજન્મજાત ગુનેગારથ છો. એવા વલણથી સદીઓથી ત્રસ્ત, કલાન્ત પણ હારેલી નહિ એવી વિચરતી જનજાતિઓની વેરવિખેર ઓળખને એકત્ર કરવી, બસો આસપાસ જનજાતિના દેશ આખામાં ફેલાયેલ ડેરા, તેમની સંખ્યા, તેમની સ્થિતિ પ્રશ્નો, એ પ્રશ્ને રાજ્યતંત્રમાં, સમાજમાં સંવેદના પેદા કરવાનું પણ ભાષા કેન્દ્ર અને આદિવાસી અકાદમીના માધ્યમે જ શક્ય બન્યું.

છ કરોડ જેટલી જનસંખ્યાનો આ સમુદાય અસ્પૃશ્ય, આદિવાસી અને અર્ધ અસ્પૃશ્ય-અર્ધ આદિવાસી જેવા વિભાગોમાં અલગ અલગ રાજ્યો એ મૂક્યો છે. માનવીય ગૌરવ નહિ, ઘર કે જમીન નહિ,

Bhasha

શિક્ષણ નહિ, મતનો અધિકાર નહિ, હરિજનને તો ગામ છે, જમીન છે. વિચરતી જનજાતિને ન ગામ, ન દેશ. જે છે તે તેમને મળેલો માનવ દેહ અને વિચરતા રહેવાને લીધે ભેગું કરેલું મૌખિક સાહિત્ય, કળાકસબની અને લોકની અજબની જાણકારી એ જ બની રહી છે એમની રોજી રોટીનો કાંઈક આધાર, બાકી ભીક્ષાટનથી જ ઘણાંને જીવવાનું.

દુનિયાભર અને આપણા દેશમાં આપણા સહુની વચ્ચે આટલી વિટંબણાઓ લઈ જીવતા આ સમુદાયોને શાસન અને ટેકો આપતા સમુદાયોમાં અતિ અલ્પ જાણ હોય. એટલે સદીઓ વીતી જાય પણ એમનાં જીવનઘોરણમાં તસુનો ય સુધારો ન થાય. આવા સમુદાયો માટે હજારો વર્ષોમાં ન વિચાર થયો, ન કોઈ જાગૃતિ, સંવેદના ઊભી થઈ. પરંતુ આદિવાસી અકાદમીના માધ્યમે આ ક્ષેત્રમાં એક દાયકાથીય વધુ સમય સુધી સુવ્યવસ્થિત રીતે સંગઠન, જાગરણ ચાલ્યાં. પરિણામે આપણા દેશને આ બધા વિશે ખાસી જાણ થઈ. પાયાથી લઈને નીતિ ઘડનારાઓ સુધી આ સમુદાયના સવાલોને અવાજ મળ્યો. આ સમુદાયો બાબતે અનેક જડતાથી ભરી ગેરસમજો મટાડવા માટે ચળવળ ચાલી. વિધિસરના અભ્યાસ, હેવાલ પેશ થયા. પરિણામે નક્કર રૂપે કાનૂન બનશે એવું હાલ દેખાય છે. આવનારા સમયમાં કશુંક વધુ થશે એવી આશા ઉભી રહી છે.

દરમ્યાન આ સમુદાયોમાંથી પોતાના પ્રશ્નોને વાચા આપતો કલાકાર મંચ પબુધનથ ઊભો થયો. સમુદાયો પર થતા અત્યાચારો પરત્વે જાગૃતિ પેદા થઈ. આ પ્રશ્ને દાયકાઓથી સક્રિય પ્રેરક શ્રીમતી મહાશ્વેતા દેવી અને કર્મવીર ગણેશ દેવીનું કાર્ય ભવિષ્યમાં કાર્ય કરનારા માટે નક્કર ભૂમિકા છે.

Bhasha

જોડાઈને થતી વાત

આ સમયમાં કોઈ કાર્યનો અર્થ નથી એવું કોઈ કોઈએ કહ્યું છે. જગતમાં ક્યાંય અર્થની શોધ કરનારાઓએ કાર્યમાં અર્થ શોધવો ન જોઈએ. આગળ એમ પણ કહેવાયું છે કે અહીં કોઈ નઅર્થથ નથી. જે કાર્ય છે તે સમયને પૂરવા માટે થાય છે.

કોઈ મન એમ કહે છે કે મનના એકાંતવાસમાં ઘડભાંજ કરવા કરતાં આસપાસના પરિવેશમાં જોડાવું, સહિત થવું. એ જ એક જીવનનો સંભવિત અર્થ છે. પહેલા વિચારમાં નિષ્ક્રિયતા, અકર્મણ્યતા તરફ જવાનું છે. બીજા વિચારમાં સક્રિયતા, કર્મ તરફ જવાનું છે. બીજો વિચાર જાતને ઓળખવા સંદર્ભને ઓળખવાનો માર્ગ છે.

તો સંદર્ભ શું છે ? મનનો સંદર્ભ છે. મનવાળાં લોકનો સમાજ છે. એના અનેક સવાલો, વિસંગતિઓ અને દુઃખો છે. જેના કારણમાં માનવસમાજની વ્યવસ્થામાં રહેલા દોષો છે. એ તરફ સહજ જ ધ્યાન જાય. માનવ ઉર્જાને સમજી એમાં કાર્ય શોધવાનું સ્વાભાવિક રીતે બને.

ભાષા કેન્દ્રના મૂળમાં આવું ચિંતન સમાયેલું છે એનું કાર્ય વંચિત સમુદાયોને વાચા, બળ આપવાનું રહ્યું છે ! આ એકાએક, રાતમાં બનીજાય એવું તો નથી જ. એનું માળખું રચાય, એમાં માનવ સમુદાયો જોડાય તો જ બને. પ્રારંભથી જ ભાષા, સંસ્કૃતિનું કાર્ય કરતી આ સંસ્થાએ પ્રકલ્પો, સમુદાયો સાથે વૈચારિક અને કાર્મિક આપ લેથી વિચારોની અજમાયશ ક્યાં કરી છે. જેમ જેમ જરૂર જણાઈ તેમ તેમ એમાં નવાં કાર્યક્ષેત્રોમાં વિચાર અને કાર્યનો સમન્વય ઉત્ક્રાંતિપૂર્વક ચલાવાયો છે.

Bhasha

બદલાયેલી આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક પરિસ્થિતિમાં ધંધા, રોજગાર, રચાતા તૂટતા સામાજિક વર્ગો અને ઉભા થતાં નવાં સાંસ્કૃતિક મૂલ્યોને ધ્યાનમાં રાખી પરિવર્તનનો એક નવો ચીલો રચવાનો પ્રયાસ ભાષા કેન્દ્રે કર્યો છે એટલું તો સ્પષ્ટ છે.

પર્યાવરણ, સંસ્કૃતિ અને ભાષાની પારસ્પરિકતા આ તબક્કે ભાષા કેન્દ્રના કાર્યની નવી અગ્રિમતા છે. સમાજ સામેના પ્રશ્નોમાં આ ત્રણ ઘટકો તરફ સમાજે દાખવેલી બેદરકારી કારણભૂત છે. દેશભરની ભાષાઓનું ૨૦૧૧-૧૨ ના સમયમાં જે ચિત્ર છે તે ઝડપવા, તેનું સર્વેક્ષણ આરંભાયું છે. ગણેશ દેવી તેની અધ્યક્ષતા કરે છે. ગુજરાતમાં ૫૦ ભાષાઓનું સર્વેક્ષણ તૈયાર થઈ ગયું છે. દેશનાં પોણા ભાગનાં રાજ્યોનું સર્વેક્ષણ પૂર્ણતાના આરે છે.

ભોગવાદી વિકાસના નમૂનામાં જીવનનાં આ ત્રણ તત્વોનો ખાતમો ચાલી રહ્યો છે. આ ખાતમાને લીધે જગતના સમાજની ભૌતિક અને માનસિક સમસ્યાઓ વધુને વધુ ઘેરી બનતી જાય છે.

આદિવાસી સમાજ હજારો વર્ષોથી અલ્પ ઉપભોગપૂર્વક જીવતાં જે દર્શન પ્રગટાવે છે તેને સમજ્યા વિના, આચર્યા વિના પ્રશ્નો દૂર કરી શકાય એમ લાગતું નથી. ઘટતાં જતાં પ્રાકૃતિક સંસાધનો, માનવ મનની વધતી જડતા અને ટૂંકી દષ્ટિનાં આયોજનો ને સમજી નવો રસ્તો કરવો અનિવાર્ય બન્યો છે. ભાષા કેન્દ્ર પૂરી નમ્રતાપૂર્વક આદિવાસી અકાદમી દ્વારા આ માર્ગે પ્રવૃત્ત છે.

લીલો વિકાસ એવા શબ્દોથી ઓળખાતો આ વિચાર પર્યાવરણ, સંસ્કૃતિ અને ભાષા કેન્દ્ર દ્વારા માનવસર્જકતાની હકારવાચી દિશાએ વાટ માંડવા ઉદ્યુક્ત છે, વિકાસનો આ વિચાર કહે છે કે દરેક વ્યક્તિ પોતાના ગામે, જંગલમાં રહીને સ્વસ્થ, શિક્ષિત, ગૌરવપૂર્ણ,

Bhasha

વિવેકશીલ માનવ્યથી જીવવા, વિકસવા સમર્થ છે.

વિવેકશીલ વિકાસ એટલે મોટાં માળખાંનો નહિ, કોઈને કચડીને નહિ પણ સૌને સાથે રાખતો, સૌની પોતાની પસંદગીનો, ગામ બેઠાં, ગામને સધ્ધર કરવાનો રસ્તો. સમયે સમયે આ પ્રકારના અવાજ જાગ્યા છે. આઝાદીના જંગમાં જીતવા આપણે ગામડાંને જગાડ્યાં, આઝાદી માટે લેહ લગાડી. લોકોની ભાવના પોતાના ભાવિને પોતે જ ઘડવું એવી થઈ. આઝાદી પછી ગામડાંતરફની આપણી આયોજનીક દષ્ટિ બદલાઈ. મુડીવાદી, વિરાટવાદી, શહેરવાદી, બળિયાવાદી, યંત્રવાદી વિચારસરણી પાછળ આપણા રાજતંત્ર ને સમાજને ગાંડાં કરવામાં આવ્યાં, કહો કે ટૂંકી દષ્ટિને લીધે જ ગાંડાં થયાં.

આજે લોકોનું ઘણું ઘણું જીવનના આધાર સમું વિકાસના તોફાની બવંડરમાં ખોવાતું જાય છે. કોઈની રીસ, દાવો, બળવો, વિરોધ, રાવ- કાંઈ કહેતાં કાંઈ ચાલે એમ જણાતુ નથી. નસેઝથ સામે ગરીબો, સીમાન્ત કિસાનો, આદિવાસીઓ, નાનાં અસંગઠિત, જૂથો- લોકો લાચાર થયાં છે. કોણ આ વાવાઝોડું ચલાવે છે, કેવી રીતે અટકાવી શકાય એ વિશે સહુ બેબાકળાં છે.

આ સ્થિતિનો ઉકેલ ગામમાં કામ, ભણતર, સ્વાસ્થ્ય સગવડ કે પ્રાકૃતિક ઉર્જાસ્રોતોને નવસાધ્ય કરતી, એ સાધનોને ન્યૂનતમ રીતે વાપરતી જીવનશૈલી ગામડામાં છે તેને હિંમત બંધાવીએ તો આવે. લીલો વિકાસ ગામડાંમાં કામ કરતાં કરતાં, ત્યાંના પ્રશ્નોને સમજતાં, તેને ઉકેલવાની રીતો શોધતાં જડેલો વિચાર છે.

અનેક કલેશ- ભૌતિક, માનસિક અને આધ્યાત્મિક- સમાજમાં દેખાય છે તેને મટાડવાનું આ માર્ગે ચાલવાથી, શક્ય છે. દર પચાસ

Bhasha

સો વર્ષે બદલાતી જીવનપરિસ્થિતિઓ પ્રમાણે માણસની ચેતનાએ માર્ગો ખોળ્યા છે. આ માર્ગ પર્યાવરણ, સંસ્કૃતિ, ભાષા અને સમસ્ત જીવન વ્યવહારને આવરી લે છે ને એમાં જરૂરી એવાં પગલાંનો વિચાર કરે છે.

પર્યાવરણ, સંસ્કૃતિ અને ભણતરની વાત

બહેનો, ભાઈઓ, છેવટે બધું આવીને ઠર્યું છે પર્યાવરણ અને સંસ્કૃતિ પર. એ એટલી હદે ક્ષીણ થતાં આવ્યાં છે કે એની સુરક્ષા હવે કરવી અનિવાર્ય થઈ છે.

આદિવાસી વિસ્તારમાં વિકાસલક્ષી કાર્ય કરતાં જે નવી કલ્પનાઓ આવી તેમાંની મહત્વની કલ્પના છે વિવેકશીલ વિકાસ કે લીલો વિકાસ. આ શબ્દ સમૂહ પર્યાવરણનો સ્થાનિક, વૈશ્વિક વિચાર દર્શાવે છે. પર્યાવરણ રક્ષાનાં સૂત્રો અવારનવાર ચગ્યાં છે. સમગ્રલક્ષી રીતે જોતાં આ વાત ફરીથી તાર સ્વરે કહી, આચરવાનો સમય આવી ગયો છે.

પ્રકૃતિ અને સંસ્કૃતિ ની પારસ્પરિક પૂરકતા, બે વચ્ચે સંતુલન, સ્વસ્થતા લાવવા શું કરવાનું જરૂરી છે એ સૌએ સમજી, સમજાવી કાર્ય કરવામાં વિલંબ ન કરવો જોઈએ.

અનેક પાસાંમાં લીલા વિકાસની કલ્પનાને સાકાર કરવા શું કરવું જોઈએ, શેની, કેવી સમજ કેળવી, શું કરવું એ સહુએ સમજવાનું છે.

પર્યાવરણ અને પ્રાદેશિક સંસ્કૃતિ વિશે વિધાયક સર્જનાત્મક સમજ વિકસાવવી, ફેલાવવી એનાં માધ્યમો, સાધનો, પધ્ધતિઓ ઉભાં

Bhasha

કરવાં – પણ ક્યાંથી શરૂ કરવું ?

તો શિક્ષણથી લઈએ.

શિક્ષણ માનવ સમાજનું મહત્વનું ક્ષેત્ર રહ્યું છે. એનાથી જ્ઞાન પેદા થાય છે. પરિવર્તન માટેનાં સાહસ જન્મે છે. જીવનપોષક પરંપરાને ટકાવવાનું બળ મળે છે. પર્યાવરણ અને પ્રાદેશિક સંસ્કૃતિને પોષવા, ટકાવવા એની સમજ વિકસાવીને દૃઢ કરવા માટે શાળા-મહાવિદ્યાલયોના અભ્યાસક્રમોમાં આ વિષયો સમાવવા જોઈએ જેથી આવા મહત્વના મુદ્દે સહુને જાણકારી મળતી રહે.

આદિવાસી ઘરોમાં મા-બાપ એમનાં બાળકોને પર્યાવરણ બાબતે રોજીંદા જીવનમાં જે અમુલ્ય સમજ આપે છે આ સમજ અને એમાંથી પ્રકટતા જ્ઞાનને શાળા સમકક્ષ ગણવાનો સમય પાકી ગયો છે. જો આ મૌખિક જ્ઞાનને બળ મળશે તો પર્યાવરણને પણ સુરક્ષા મળશે.

શિક્ષણના ક્ષેત્રથી જ્ઞાન વિતરણ થાય છે. ત્યાંથી નીકળી ઘણી વ્યક્તિઓ સમાજને દોરી શકે. દોરવાવાળાને દોરાનારના હિતની, બધાના હિતની જાણ હોવી જોઈએ. સમાજનું મૂળભૂત હિત તેનું પર્યાવરણ જળવાય તેમાં છે.

વળી બીજું હિત તેની સંસ્કૃતિ રક્ષાય તેમાં છે. પહેલાં આ હિતો સહજ રીતે લોકો સાચવી લેતા પણ લેખિત પરંપરાની વધતી તાકાતે ભણનારાને, સમગ્ર સમાજને પ્રત્યક્ષ સંદર્ભથી દૂર હડસેલવાનું કામ કર્યું છે. આ નુકસાન ઓછું કરવા મૌખિકતા અને લેખિતતાએ સહિયારા હિત માટે એક થઈ કાર્ય કરવાનું છે.

આપણા ભણતરમાં ઉપરચોટિયું, પોપટિયું તત્ત્વ ઘણું છે. સમગ્ર

Bhasha

જીવન તરફ એની દૃષ્ટિ નહિવત છે. આપણા અભ્યાસક્રમોમાં હવે એવો આગ્રહ લાવવો જોઈએ કે જેથી સમાજને પર્યાવરણ અને પ્રાદેશિક સંસ્કૃતિના મહત્વની ખબર પડે.

જંગલ, જમીન, ડુંગર, આકાશ અને જળ આધારિત આપણાં જીવન જ્યારે પર્યાવરણ અને પોતાની સંસ્કૃતિની અસલી, પૂરતી ચિંતા કરશે એને ટકાવવા મથશે ત્યારે જ માનવજીવનમાંથી રઘવાટ ઓછો થશે.

ટકેલું જંગલ આપણને ટકાવશે.

રોજબરોજ ઉકળતા જતા હવામાનને ઠારવા લીલોતરી ઉભી કરવી પડશે. એમાં ચિત્ત અને દેહ લગાડવાં પડશે. જે કોઈ આ સંદર્ભે આપણને મળે એને સમજાવીએ કે ધરતી આપણા સમગ્ર ઉદ્યમનો પાયો છે એની સમૃધ્ધિ પર્યાવરણ અને સ્થાનિક સંસ્કૃતિથી જ શક્ય છે. શાળા-મહાશાળાના શિક્ષકો એમના વર્ગોમાં, પુસ્તકોમાં, અભ્યાસક્રમોમાં અને એમના સમગ્ર વ્યવહારમાં આ બાબતને આગ્રહપૂર્વક વણી લે તો આ કામ સહેલું થાય.

પર્યાવરણ અને પ્રાદેશિક સંસ્કૃતિની સુરક્ષા કરવા જરૂરી ઝીણી મોટી વાતોને કહી સમજાવે કે જીવસૃષ્ટિ માટે આપણે આચરવાનો આ સ્વાભાવિક ધર્મ છે. વ્યક્તિઓ, સમૂહો, સંસ્થાઓ જે આ કાર્યમાં સહયોગી થાય એથી કાર્યને વેગ સાંપડશે.

સૌને એકસૂત્રમાં પરોવી લેવાનો વ્યૂહ બનાવી લેવો જોઈએ.

પર્યાવરણ જેટલી જ મહત્વની વાત છે પ્રાદેશિક સંસ્કૃતિની. હજારો વર્ષોથી પ્રકૃતિ અને માનવ સમાજને એક લયમાં જોડતા અને સંવાદનો સંદેશ આપવા લોકમેળાઓની રચના લોકચેતનાએ સ્વાભાવિક રીતે

Bhasha

કરી હતી. છેલ્લાં થોડાં વર્ષોમાં વિવિધ હસ્તક્ષેપથી ઘણા લોકમેળાઓ તૂટી રહ્યા છે. પહેલાંથી જે મેળાઓ ચાલી રહ્યા છે એને સાચવવા, સમૃદ્ધ કરવાનું કામ તાત્કાલિક કરવું રહ્યું. સાથે જ નવા મેળાઓની રચના જરૂરી બની છે.

ઋતુચક્ર અનુસાર લોકો વિવિધ ઉજવણીઓ કરે છે. ઉત્સવો કરે છે. જો મેળાઓમાંથી લોકોનો રસ ઘટશે તો જીવશક્તિ તેટલી નબળી પડશે. સૃષ્ટિ પ્રત્યેનો પ્રેમ ઓસરશે અને છેવટે સમગ્ર જીવસૃષ્ટિને પારાવાર નુકશાન થશે.

આપણે ગમે તેટલી પ્રગતિ કરીએ પણ પોતાની સંસ્કૃતિ, ભાષાના પ્રાણવાયુ વિના એમાં કશો કસ નહિં રહે. મેળો એ લોકોની સંમિલિત ચેતનાનું ઉલ્લાસ ભર્યું સર્જન છે. એના વિના જીવન લકવાગ્રસ્ત રહે. જીવનનો વિધાયક લય જો નહિ અનુભવાય તો આપણા જીવનનાં સહુ માળખાં ખોખલાં થઇ રહેશે.

મનોરંજન અને જ્ઞાનના સિદ્ધ રસ્તાઓમાં મેળો એક છે. તેમાં ગીત સંગીત અને નૃત્ય એક રસ છે. એને તોડીને મનોરંજનના નવાં સાધનો ઉભાં થયાં છે તેમાં આવતી જાહેરાતો પ્રેક્ષકોના માથે ભૂત થઈ બેઠી છે. પરિણામે બાળકો, યુવાનો માટે ચિત્તભ્રમ જેવી સ્થિતિ ઉભી થઈ છે. મેળા દ્વારા આપણે સહજ જોઈતી વસ્તુ ખરીદીએ છીએ જ્યારે જાહેરાતો મારફતે આકર્ષાઈ ન જોઈતી વસ્તુઓ ખરીદીએ છીએ. આ બધું અજાણપણે બનતું જાય છે. તે ચિંતાજનક છે.

પર્યાવરણ અને પ્રાદેશિક સંસ્કૃતિ આપણી જીવનલીલાની બે પાંખો છે. એટલું જ નહી તે આપણા સમગ્ર અર્થવ્યાપારનાં મહત્વનાં તત્ત્વો છે. એનાથી જીવનનું ઉદ્યન રસ ભર્યું, પ્રાણવાન, વેગવાન રહે છે. આ બધાની સમજ અભ્યાસક્રમોમાં વણાતી રહેશે તો આજની

Bhasha

અને આગામી પેઢીઓમાં એ સમજ ઊતરતી રહેશે.

સમસ્ત જીવસૃષ્ટિના ક્રમમાં પર્યાવરણ અને જે તે સ્થળની, કાળની સંસ્કૃતિને બળ આપીને જ જીવનચક્ર ઘડાતું રહ્યું છે પણ આધુનિકતાએ આપણને આ સહજતાથી અને મુળતત્વોથી વેગળા કર્યા છે.

ફરી આ સભાનતા જગાડી ખરો વિવેકશીલ વિકાસ કરવા તરફ વધીએ.

સુખ, શાંતિ, પ્રેમ, સહકારની આપણને તલાશ છે. આ બધાં જ તત્વો પર્યાવરણ અને પ્રાદેશિક સંસ્કૃતિના જતન અને સુરક્ષાથી જ શક્ય છે એ વાત નિઃશંક છે.

પ્રેમ અને સહકાર ભર્યા સમાજમાં સ્વાભાવિક રીતે જ છોકરા-છોકરીઓને મળતા ભણતરની તકોમાં સમાનતા પણ આપણે લાવવી પડશે. મા-બાપો ભેદભાવ વિના પોતાના સંતાનોને ભણતર આપે. નવા જમાનાનાં દુષણોમાં આવી અસમાનતા આપણે સમજી કરીને દૂર રાખવી જોઈશે.

આમાંથી થોડુંક થશે તો એ મોટી ઉપલબ્ધિ થશે.

ખાટલા નીચે પાણી - ની વાત

આજે હરેક બાબતનું શાસ્ત્ર રચાઈ ગયું છે. એકે એક શાસ્ત્રે પોતાના સીમાડા ચુસ્ત કરી દીધા છે. એ શાસ્ત્ર એના જાણનારાની જીવાદોરી સમાન બની જાય છે. પરંતુ શાસ્ત્રોમાં અને શાસ્ત્રોની પારનું જીવનશાસ્ત્ર સાદી સરળ રીતે જોવાનું આજે ભુલાઈ ગયું છે. ગામડાં ગામોમાં આવું સરળ જીવનનું શાસ્ત્ર પહેલાં મજબુત હતું આજે ય છે પણ

Bhasha

નવા ભણતરના નામે, ગુલામીના કાળમાં બધું વિધિસરનું, લખાયેલું, જટિલ તંત્રમાં સપડાયેલું બની ગયું. એમાં ગામના સાદા જીવનદર્શનનો જાણે કે છેદ ઉડી ગયો. નિશાળે જનાર મોટું કે ચઢિયાતું, નિશાળે ન ગયું હોય એ ઊતરતું અને અપ્રસ્તુત, હાંસીપાત્ર એવી અન્યાયી સમજ ભણેલાંમાં ફેલાઈ રહી એમાં ઘરોમાં, ગામોમાં, પરગણાંઓમાં, પંથકોમાં, હાટ, મેળા, પંચોમાં સરળ, ગૂંચવિહિન ઉકેલો સુચવતું ડહાપણ ક્રમશઃ વિસારે પડતું ગયું. જ્ઞાન જીવનપોષક ન બને તો કોઈ અર્થ ખરો ? પરંપરાગત, કોઠાસૂઝના ગ્રામીણ જીવનમાં રહેલાં જીવનપોષક તત્વોને નવા શિક્ષણે ન તો અભ્યાસક્રમમાં વણ્યાં ન તો જીવનક્રમરૂપે શીખવ્યાં. પર્યાવરણ, સ્થાનિક સંસ્કૃતિને સોચીસમજી રક્ષવા, વિકસાવવાના પ્રયત્નો ગામડાનું એકમ આપમેળે કરતું હતું. તેને એકાએક વિદેશી શૈલીથી હતું ન હતું કરી દેવાયું.

મા-બાપ, પ્રકૃતિપૂજાના વિધિઓ, આ બધું કાર્ય આપમેળે કરતાં હતાં. એને એકાએક બીનઉપયોગી કરી દેવાયાં. રોજબરોજના સામાન્ય, અદના જીવનમાં અર્થ, સંસ્કૃતિ, કળા વિ. બાબતે જે જ્ઞાન છે તેને શાળા, યુનિર્વસિટી, સરકારી વહીવટના ક્ષેત્રોમાં યોગ્ય, વિધિસરનું સ્થાન આપવાનો સમય ક્યારનોય થઈ ગયો છે. ચોપડીનું શિક્ષણ જ ખરું અને મોંઢાનું, જીવનથી પામેલું શિક્ષણ ખરૂં નહિ એ સ્થિતિમાંથી પેદા થયેલી પેઢીઓ કરી કરીને શું કરે ? મૌખિક જ્ઞાનને બળ આપીએ. એમ કરવામાં હવે સમય ગુમાવવાનું સમાજ તરીકે આપણને પાલવે તેમ નથી.

ભણેલાઓ નહિ ભણેલાથી આઘા ખસી ગયા પોતાનો જૂદો ચોકો કરી બેઠા એટલે સમાજને વિકાસની ઊંધી દિશા મળી. મૌખિક અને લેખિત બેઊ રીતે જ્ઞાન પામેલાં લોકો આ નવા ઉપક્રમમાં ખભેખભા

Bhasha

મેળવી ચાલે એ દિવસ સમાજ માટે સોનેરી હશે. આમ થશે તો આપણું ચોપડી આધારિત ભણતર પોપટિયું નહિ રહે. એમ થશે તો પર્યાવરણ જાળવણી માટે સૌ ચિંતીત રહેશે. એમ થશે તો ગામડાંના મેળા ટકશે. બાળકોનું ખુલ્લા જીવનમાં શિક્ષણ થશે. આદતવશ ટીવી કે કમ્પ્યુટરમાં ખૂટી જતા બાળકોની ઉર્જા વધશે. ઘરોમાંથી, કાર્યસ્થળોમાંથી, શાળા, મહાશાળાઓમાંથી, રાજકારણમાંથી, સાહિત્યમાંથી વ્યર્થ કલેશ ઘટશે. એમ થશે તો આ ધરતી સૌને સૌની લાગશે. એમ થશે તો પાઠ્યક્રમો હરિયાળા થશે. એમ વિશે તો એક શાસ્ત્રમાંથી બીજા શાસ્ત્રમાં આપણી સૌની આવનજાવન આપણા ભલા માટેની હશે.

માણસને આજે જરૂર છે પોતાનો પ્રકૃતિ અને સંસ્કૃતિ સાથેનો અનુબંધ પાછો રચવાની. ઋતુચક્ર સમજવાની. માણસનો જગત સાથેનો સંબંધ પવિત્ર કરવાની. આજે જરૂર છે વેરવિખેર દેખાતા અંશોને એક રૂપ સમજવાની : દરેક હૈયામાં લહેરે છે એક જ માણસાઈ. હજારો વર્ષોથી લોકોએ સર્જેલી જીવનપોષક રીતિઓના ડહાપણને અંકે કરી નવો માર્ગ લેવાની આજે જરૂર ઊભી થઈ છે.

આજે જરૂર છે મૌખિકતામાં, અદના વ્યક્તિના જીવનની ભાષાના લયને, સૌંદર્યને સમજવાની. આ જીવનશક્તિ સરકારી અંકોમાં, હેવાલોમાં, રાજકીય કે કળાશાસ્ત્રીય વાગ્વિલાસમાં ક્વચિત્જ, નહિવત્ સ્થાન પામે છે. એટલે સરકારી, કાનૂની, લિખિત શબ્દને લોકનો, સંસ્કૃતિનો સંવેદનાપૂર્ણ સ્પર્શ સદા મળતો રહેવો જોઈએ. માનવચેતના વિશે અઢળક ચિંતન થયું છે. એને નિયંત્રિત, શાસિત કરવા હિંસકથી લઈ અહિંસક રીતો પ્રયોગમાં લવાઈ છે છતાં માનવચેતનાનું સમાજના વિકાસનું ઋત લિખિતતાની અંદર ઝલમલ્યું છે પણ પકડાયું નથી.

Bhasha

ચારેકોર ચાલતો ઉકાળો પહેલાં તો મનમાં થયો પછી બહાર ચાલ્યો. ચિત્ત અને શરીરનાં છેટાં, ચિત્ત અને જગતનાં, ચિત્ત અને ચિત્તનાં છેટાં બેશુમાર વધતાં જવાનું કારણ મટાડવાનો ઇલાજ બુદ્ધિના અતિવ્યાયામના સ્થાને સહાનુભૂતિમાં છે. છોકરા-છોકરી તરફના આપણા વલણની સમાનતામાં છે. ભૌતિક સમૃધ્ધિની ઘેલછા ઘટાડવામાં છે. પૃથ્વી આપણા જીવનનો આધાર છે. એના સર્વતોમુખી સંરક્ષણથી જ બધા જીવોનું અસ્તિત્વ ટકે.

ભણતર અને ગણતરનો મેળ જીવનને સુંદર બનાવવા માટે જ થાય. કવિએ કહ્યું છે

દેશ ગયા પરદેશ ગયા શીખી લાવ્યા વાંણી

વૉટર વૉટર કરતાં મર્યા ને ખાટલા નીચે પાંણી

ઇલમ આપણામાં જ, કસ્તૂરીમૃગની ડૂંટીમાં જ છે. આપણે વનવન, દેશપરદેશ, શાસ્ત્રથી શાસ્ત્ર ક્યાંય પણ જઈએ સમસ્યાઓનો ઉકેલ અહીંની સ્થિતિને સમ્યક રીતે ઓળખવામાં છે, અને સ્થળમાં કાર્ય કરવામાં છે.

સત્‌ની વાત

ઘરના આંગણે ઉભા હતા ને પૂર્વથી સવાલ આવ્યો

આંગણાની પાળ સુધી તમારું છે ને ?

બહારથી પછી જાહેર રસ્તો છે, નહિ ?

જવાબ આપ્યો, ના.

Bhasha

સવાલ ઊંડો, છેવટના પ્રકારનો હતો.

મારો જવાબ સ્થળની ભૌતિક, મર્યાદિત માલિકીનો હતો. સવાલની ઊંડાઈ નજરમાં આવી તો ગઈ હતી જ. છેવટની રીતે સવાલ આપનાર જવાબ સાંભળી માને કે આ માણસનું સ્તર પોતાનાથી નોખું છે. સવાલની ઊંડાઈને સમજવાનું એનું ગજું નથી. સવાલ પુછનાર ફકીર, દાર્શનિક, કર્મવીર જ હતા. ઊંડે ઊંડેથી બૂડી બૂડીને સવાલ કાઢનાર દાર્શનિક કહે,

સારું કામ કરીને સન્માન લેવું

હું ચૂપ રહ્યો. જવાબ દીધો નહિ.

ફરી વાર એ ખપ પુરતું ભણેલા, ભણીને ભણતર ભૂંસતા ફકીરે પૂછ્યું,

આદિકાળની વાતો ખોદી ડહાપણ તારવો

તારવીશ.

પણ મેં એવું કશું તારવ્યું નહિ.

ફકીરે થાકીને કહ્યું, એક અમૂલ્ય ઇલમી ગ્રંથ તમને આપીશ.

બે વાર ગ્રંથની ઉઘરાણી કરી પણ ફકીરે દરખાસ્ત ઓગાળી દીધી. મેં પણ લાંબી ઊંઘ લેવા માંડી.

આ ફકીરે ઓલિયાના વેશે વાક્ય કાઢ્યું, આ માણસ ઠરી ગયો છે.

આવા સવાલો વચ્ચે, અપાતા-ન અપાતા જવાબો વચ્ચે અદૃશ્ય, અશ્રાવ્ય, અચર્ય્ય, અભાષ કે પ્રાગ્‌ભાષ એવા મિશ્ર પ્રકારનો સંવાદ ચાલતો જ હતો.

ફકીરની તપાસ એ હશે કે આ હજુ કેમ અભાષ સંવાદની મમત

Bhasha

મૂકતો નથી ? ડુંગરેથી ઉતરતો આ ફકીર ખાલી હાથે છે. ખલકનો માલિક લાગે ઘડીમાં, તો ઘડીમાં પતંગિયું થઈ, વાયવ્યરૂપ કે અંતરિક્ષના તારા જેવો લાગે.

બાળપણમાં સાચે જ એક ફકીર રોજ સાંજે કે સવારે, દિવસમાં એક વાર તો ડુંગર ઊતરી ઊપરના વાવડ સંભળાવવા આવતો. ચોમાસાની રાતે કોઈ વાર ફાનસ લઈને ફળિયે આવી ગેબી વહી સંભળાવી જતો. એ બહારથી મારા નામની બૂમ નાખે ને હું જ્યાં, જે સ્થિતિમાં હોઉં ત્યાંથી બહાર નિકળી એને જોતો, સાંભળતો. ખાતાં ખાતાં એંઠા હાથે ય બહાર દોડું તો મા કે બાપ વારે, પણ રોકાય એ બીજા.

મોટપણે ફકીર પર ફકીરોએ એમને મળેલી ગેબી વાતો, વાતો નહિ કરીને, મૌનથી કહી છે. એમાં સવાલ જવાબ થયા છે. તું અહીં કેમ છે ? શું કરે છે ? જાગ કે ઊંઘી જા. જતો રહે કે ઉભો રહે. વસતિમાં જા. થોડીવાર એકલો થઈ મૌનને સાંભળ.

અહીં લખ્યાં છે એ સ્થળો, વિચારો, વસ્તુઓ, બનાવો, વ્યક્તિઓ એ વાણીના, મૌનના, સ્નેહના પડાવે, સત્‌ના ખેંચાણે મળ્યાં છે. શરીરો નોખાં ભલે પણ એ સ્થળો, દેહવિશેષો અકસ્માતે ત્યાં છે કે અહીં છે. એમાં ચાલતી ચેતનાએ કરીને એક છે. એ પામવા હર ઘડી આવા સંવાદ મંડાયા છે, કર્મથી, મર્મથી.

નખ્ખ કે અખ્ખ કે આખું હતું એમાંથી પીંડ થયા ને પાછા આખામાં જઈ મળવાના. ફકીરી જાણે છે આ સત્. એ સત્‌થી ઊઠી છે ભેદ ભૂંસવાની પારકા દુઃખને પોતાનું કરી વહેંચવાની, પોતાના દુઃખને કોરે રાખવાની વાત.

***

Bhasha